સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 42**

**[10/10/21 to 16/10/21]**

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




10% DISCOUNT

નવી બેચ શરૂ

પોલીસ કોન્સ્ટેબલ
સર્વશ્રેષ્ઠ તૈયારીની ખાતરી

ગુજરાત પોલીસમાં
1270થી વધુ સફળ વિદ્યાર્થીઓ

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**10 OCT-2021**

- દિવસ મહિમા : 10 ઓક્ટોબર, (1) રાષ્ટ્રીય ટપાલ દિવસ (2) વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ ........ 02
- નોબેલ પુરસ્કાર 2021 વિજેતાઓની જાહેરાત........ 02
- RBIનો મોનેટરી પોલિસી રિપોર્ટ (RBI- Monetary Policy Report- MPR)........ 06
- QUESTION ANSWERS ........ 08

**11 OCT-2021**

- દિવસ મહિમા : 11 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ અથવા International Day of the Girl........ 10
- ભારતમાં કોલસાની અછત (Coal Shortage Crisis in India)........ 10
- નેપાળ અને ભારત વચ્ચે રેલ લિંક........ 11
- QUESTION ANSWERS ........ 13

**12 OCT-2021**

- ગુજરાત હાઈકોર્ટના 26મા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ અરવિંદ કુમારની નિમણૂક........ 14
- ભારત અને યુનાઈટેડ કિંગ્ડમનો ‘ફોરવર્ડ એક્શન પ્લાન’........ 17
- શ્રી સુનીલ છેત્રીએ 77મા ગોલ સાથે બ્રાઝિલના ખેલાડી શ્રી પેલેની બરાબરી કરી........ 17
- QUESTION ANSWERS ........ 18

**13 OCT-2021**

- દિવસ મહિમા : 13 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ........ 19
- Indian Space Association (ISPA)........ 19
- વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, 2021........ 20
- QUESTION ANSWERS ........ 23

**14 OCT-2021**

- દિવસ મહિમા : 14 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય ઈ-વેસ્ટ દિવસ (2) વિશ્વ માનક દિવસ અથવા વિશ્વ માપદંડ દિવસ ........ 24
- પૂર્વ IAS શ્રી અમિત ખરેને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા........ 24
- પ્રધાનમંત્રી ગતિ શક્તિ યોજના........ 24
- પાવર ફાઈનાન્સ કોર્પોરેશનને ‘મહારત્ન’નો દરજ્જો........ 26
- QUESTION ANSWERS ........ 28

**15 OCT-2021**

- દિવસ મહિમા : 15 ઓક્ટોબર, (1) વિશ્વ વિદ્યાર્થી દિવસ (2) આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ........ 29
- GLOBAL HUNGER INDEX (GHI) 2021માં ભારત 101માં ક્રમે........ 30
- Medical Termination of Pregnancy........ 31
- QUESTION ANSWERS ........ 33

**16 OCT-2021**

- દિવસ મહિમા : 16 ઓક્ટોબર, (1) વિશ્વ ખાદ્ય દિન (2) વિશ્વ એનેસ્થેસિયા દિવસ ........ 34
- BSF અધિકારક્ષેત્રનું વિસ્તરણ........ 34
- યુધ્ધ અભ્યાસ 2021 (Yudh Abhyas 2021) : ભારત-અમેરિકા........ 35
- IPL- 2021માં ચેન્નાઈ સુપર કિંગ્સ ચેમ્પિયન........ 35
- QUESTION ANSWERS ........ 39

ONE LINER ........ 41

QUESTION OF THIS WEEK ........ 46

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 10 ઓક્ટોબર, (1) રાષ્ટ્રીય ટપાલ દિવસ (National Post Day)
## (2) વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (World Mental Health Day)

### વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ

સમગ્ર વિશ્વમાં માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ પ્રત્યે જાગૃત્તિ લાવવા અને આ સંદર્ભે શિક્ષણ ફેલાવવાના ઉદ્દેશથી દર વર્ષે 10 ઓક્ટોબરના રોજ 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ મનસિક સ્વાસ્થ્ય દિવસની સ્થાપના વર્ષ 1992મા 'વર્લ્ડ મેન્ટલ હેલ્થ એસોસિએશન' દ્વારા વિશ્વના લોકો માટે માનસિક આરોગ્ય સંભાળને વાસ્તવિક બનાવવા માટે કરવામાં આવી હતી.
- માનસિક વિકારોમાં ડિપ્રેશન વિશ્વની સૌથી મોટી સમસ્યા છે.
- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ 2021ની થીમ 'Mental Health in an Unequal World' છે.

## નોબેલ પુરસ્કાર 2021 વિજેતાઓની જાહેરાત

તાજેતરમાં વર્ષ 2021 માટે નોબેલ પુરસ્કાર વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. જે આ પ્રમાણે છે :


### નોબેલ પુરસ્કાર વિજેતા- 2021

| ક્રમ | પુરસ્કાર | વિજેતા |
|---|---|---|
| 1 | ભૌતિકશાસ્ત્ર (Physics) | –શ્રી સ્યુકરો મનાબે<br>– શ્રી ક્લાઉસ હેસલમેન<br>– શ્રી જ્યોર્જિયો પેરિસી |
| 2 | રસાયણશાસ્ત્ર (Chemistry) | – શ્રી બેન્જામિન લિસ્ટ<br>– શ્રી ડેવિડ મેકમિલન |
| 3 | ચિકિત્સા–શરીર વિજ્ઞાન (Medicine- Physiology) | – શ્રી ડેવિડ જુલિયસ<br>– શ્રી આર્ડેમ પાટાપોટિયન |
| 4 | સાહિત્ય (Literature) | – શ્રી અબ્દુલરાજાક ગુર્નાહ |
| 5 | શાંતિ (Peace) | – સુશ્રી મારિયા રેસા<br>– શ્રી દિમીત્રી મુરતોવ |
| 6 | અર્થશાસ્ત્ર (Economic Science) | – શ્રી ડેવિડ કાર્ડ<br>– શ્રી જોશુઓ ડી એન્ગ્રિસ્ટ<br>– શ્રી ગુઈડો ઈમ્બેન્સ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વર્ષ 2021માં કયો નોબેલ પુરસ્કાર કોને ? શા માટે એનાયત થયો છે ?

## ભૌતિકશાસ્ત્ર




ભૌતિકશાસ્ત્રમાં 2021નો નોબેલ પુરસ્કારનો અડધો ભાગ સંયુક્ત રીતે જાપાનના શ્રી સ્યુકુરો મનાબે અને જર્મનીના શ્રી ક્લાઉસ હેસલમેનને આપવામાં આવ્યો છે.

- જ્યારે બાકીનો અડધો ભાગ ઈટાલીના શ્રી જ્યોર્જિયો પેરિસીને એનાયત થયો છે.
- શ્રી સ્યુકુરો મનાબે અને શ્રી ક્લાઉસ હેસલમેનને 'પૃથ્વીની આબોહવાનું ભૌતિક મોડેલિંગ, પરિવર્તનશીલતાની ગણતરી અને ગ્લોબલ વોર્મિંગની વિશ્વસનીય આગાહી'માં તેમના કાર્ય માટે આ પુરસ્કાર એનાયત થયો છે.
- આ પુરસ્કારનો બીજો ભાગ શ્રી જ્યોર્જિયા પેરિસી (Giorgio Parisi)ને 'Interplay of Disorder and Fluctuations in Physical Systems from Atomic to Planetary Scales'ની શોધ માટે આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

## રસાયણશાસ્ત્ર




રસાયણશાસ્ત્રમાં 2021નો નોબેલ પુરસ્કાર શ્રી બેન્જામિન લિસ્ટ (જર્મની) અને શ્રી ડેવિડ મેકમિલન (સ્કોટલેન્ડ, તથા US અને UKની નાગરિકતા)ને 'અસમપ્રમાણ ઓર્ગેનોકેટાલિસિસ' (Asymmetric Organocatalysis)માટે આપવામાં આવ્યો છે.

- તેઓએ અણુઓના નિર્માણ માટે એક નવું અને સરળ સાધન ઓર્ગેનોકેટાલિસિસ વિકસાવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચિકિત્સા-શરીર વિજ્ઞાન



અમેરિકાના બે વૈજ્ઞાનિકો શ્રી ડેવિડ જુલિયસ અને શ્રી ઓર્ડેમ પાટાપોટિયનને 'તાપમાન અને સ્પર્શ માટે રીસેપ્ટર્સ'ની શોધ માટે 'ચિકિત્સા–શરીર વિજ્ઞાન'નો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

- તેમનું મુખ્ય કાર્ય મુખ્યત્વે 'સોમોટોસેન્સેશન' એટલે કે આંખ, કાન અને ચામડી જેવા વિશેષ અંગોમાં જોવાની, સાંભળવાની અને અનુભવવાની ક્ષમતા પર કેન્દ્રીત છે.

## સાહિત્ય

તાંઝાનિયાના નવલકથાકાર શ્રી અબ્દુલ ગુર્નાહને સાહિત્યમાં વર્ષ 2021નો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

- તેમને વસાહતીવાદની અસરો અને શરણાર્થીઓનું ભાવી નક્કી કરતી સંસ્કૃતિઓ અને ખંડો વચ્ચેના તફાવતોના તેમના કરુણામય ચિત્રણ માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

## શાંતિ

વર્ષ 2021નું શાંતિ માટેનું નોબેલ પુરસ્કાર અભિવ્યક્તિની સ્વાતંત્રતાની સુરક્ષા માટે ફિલિપાઈન્સના પત્રકાર સુશ્રી મારિયા રેસા અને રશિયાના પત્રકાર શ્રી દમિત્રી મુરાતોવને એનાયત થયો છે.

- ફિલિપાઈન્સના સુશ્રી મારિયા રેસાએ વર્ષ 2012માં 'રેપલર' નામની ન્યૂઝ વેબસાઈટની સ્થાપના કરી હતી.
- આ વેબસાઈટે રાષ્ટ્રપતિ શ્રી રોડ્રિગો ડુટેરેટની સરકારે ચલાવેલા વિવાદસ્પદ એન્ટિ ડ્રગ વિરોધી અભિયાન પર વિવેચનાત્મક ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું.
- જ્યારે શ્રી દમિત્રી મુરાતોવ રશિયાના સ્વતંત્ર અખબાર 'નોવાયા ગેઝેટા'ના સ્થાપકોમાંના એક છે.
- વર્ષ 1993માં ચાલુ કરવામાં આવેલું આ અખબાર રશિયાનું સૌથી સ્વતંત્ર અખબાર છે.

## અર્થશાસ્ત્ર

વર્ષ 2021નો અર્થશાસ્ત્રનો પુરસ્કાર ત્રણ અમેરિકી અર્થશાસ્ત્રીઓના ફાળે ગયો છે.

- તેમા અડધો ભાગ શ્રી ડેવીડ કાર્ડને આપવામાં આવ્યો છે. જ્યારે બીજો અડધો ભાગ સંયુક્ત રીતે શ્રી જોશુઆ ડી એન્ગ્રિસ્ટ અને શ્રી ગુઈડો ડબલ્યૂ ઈમ્બેન્સનો સમાવેશ થાય છે.
- શ્રી ડેવિડ કાર્ડને શ્રમ અર્થશાસ્ત્રમાં તેમના પ્રયોગમૂલ્ક યોગદાન માટે એનાયત કરવામાં આવ્યો છે.
- જ્યારે શ્રી જોશુઆ ડી એન્ગ્રિસ્ટ અને શ્રી ગુઈડો ડબલ્યૂ ઈમ્બેન્સને 'આકસ્મિક સંબધના વિશ્લેષણમાં તેમના પધ્ધતિસરના યોગદાન માટે' એનાયત કરવામાં આવ્યો છે.

ICE FOR COMPETITIVE EXAMS

## નોબેલ પુરસ્કાર

સ્વિડનના પ્રસિધ્ધ રસાયણશાસ્ત્રી શ્રી આલ્ફ્રેડ નોબેલની યાદમાં દર વર્ષે આ નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.




- ઈ.સ. 1895માં શ્રી આલ્ફ્રેડ નોબેલ દ્વારા આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ ઈ.સ. 1901માં કુલ પાંચ ક્ષેત્રમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો : (1) શાંતિ, (2) સાહિત્ય, (3) રસાયણશાસ્ત્ર, (4) શરીરવિજ્ઞાન અથવા મેડિસન અને (5) ભૌતિકશાસ્ત્ર.
- શરૂઆતમાં વર્ષ 1901થી દર વર્ષ ઉપરોક્ત પાંચ ક્ષેત્રોમાં આ એવોર્ડ એનાયત થયો હતો.
- ત્યારબાદ ઈ.સ. 1969 થી અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કારની પણ શરૂઆત કરવામાં આવી હતી.
- આથી, વર્તમાન સમયે અર્થશાસ્ત્ર સહિત કુલ 6 ક્ષેત્રોમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને એક ગોલ્ડ મેડલ, એક સર્ટિફિકેટ અને રોકડ રકમ એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ એનાયત કરવા માટેનો સમારોહ દર વર્ષે સ્વિડનના પાટનગર સ્ટોકહોમ ખાતે યોજાય છે.
- જોકે, શાંતિનો નોબેલ પુરસ્કર સ્વિડન દ્વારા નહિ પરંતુ નોર્વે દ્વારા એનાયત થાય છે.
- આથી, શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત કરવા માટેનો સમારોહ નોર્વેના પાટનગર ઓસ્લો ખાતે યોજાય છે.

## કયો નોબેલ પુરસ્કાર કોના દ્વારા એનાયત થાય છે ?

| ક્રમ | નોબેલ પુરસ્કાર | કોના દ્વારા એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | સાહિત્ય | સ્વિડિશ એકેડમી |
| 2 | ફિઝિક્સ, કેમેસ્ટ્રી | રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયન્સિઝ |
| 3 | મેડિસન–ફિઝિયોલોજી | નોબેલ એસેમ્બલી એટ ધ કેરોલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટ |
| 4 | શાંતિ | નોર્વેજીયન નોબેલ કમિટી |
| 5 | અર્થશાસ્ત્ર | સ્વેરિગ્સ રિક્સબેન્ક |

## પુરસ્કારની રકમ

આ એવોર્ડ અંતર્ગત પુરસ્કાર રૂપે કેટલી ધનરાશી આપવી તે 'નોબેલ ફાઉન્ડેશન' દ્વારા નક્કી થાય છે.

## નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી રવિન્દ્રનાથ ટાગોર | 1913 | સાહિત્ય |
| 2 | શ્રી સી.વી. રામન | 1930 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | મધર ટેરેસા (જન્મ : સ્કોપ્જે, મેસેડોનિયા, નિધનઃ કોલકાતા) | 1979 | શાંતિ |
| 4 | શ્રી અમર્ત્ય સેન | 1998 | અર્થશાસ્ત્ર |
| 5 | શ્રી કૈલાસ સત્યાર્થી | 2014 | શાંતિ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય મૂળના કેટલાક વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી હરગોવિંદ ખુરાના | 1968 | મેડિસિન |
| 2 | શ્રી સુબ્રમણ્યમ ચન્દ્રશેખર | 1983 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | શ્રી વી.એસ. નાયપોલ | 2001 | સાહિત્ય |
| 4 | શ્રી વેંકટરામન રામાકૃષ્ણન | 2009 | રસાયણશાસ્ત્ર (Chemistry) |
| 5 | શ્રી અભિજીત બેનર્જી | 2019 | અર્થશાસ્ત્ર (Economic Science) |

નોંધ : (1) શ્રી રવિન્દ્રનાથ ટાગોર નોબેલ પુરસ્કાર વિજેતા પ્રથમ ભારતીય તથા પ્રથમ એશિયન વ્યક્તિ છે. તેમને વર્ષ 1913માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(2) છેલ્લે વર્ષ 2014માં ભારતના શ્રી કૈલાસ સ્ત્યાર્થીને શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(3) સુશ્રી મલાલા યુસફઝાઈ સૌથી નાની ઉંમરે (17 વર્ષ) નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર વ્યક્તિ છે. તેમને વર્ષ 2014માં શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

## RBIનો મોનેટરી પોલિસી રિપોર્ટ (RBI- Monetary Policy Report- MPR)

ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ તાજેતરમાં ઓક્ટોબર, 2021 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડ્યો છે.

- સતત આઠમી વખત પોલિસી રેટ યથાવત રાખવામાં આવ્યો છે.
- વૃધ્ધિને પુનર્જીવિત અને ટકાવી રાખવા તથા કોવિડ– 19 મહામારીની અસરને ઘટાડવા માટે રેપો રેટ 4% પર યથાવત રાખ્યો છે.
- જ્યારે રિવર્સ રેપો રેટને પણ 3.35% પર યથાવત રાખવામાં આવ્યો છે.
- સીમાંત સ્થાયી સુવિધા (Marginal Standing Facility- MSF) દર અને બેંક દર (Bank Rat)ને પણ પહેલાની જેમ 4.25% પર યથાવત રાખવામાં આવ્યો છે.

### GDP અંદાજ

RBIએ નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતના GDPને 9.5% પર જાળવી રાખ્યો છે.

### ફૂગાવો

નાણાકીય વર્ષ 2021-22 માટે CPI (Consumer Price Index) ફુગાવો 5.3% રહેવાનો અંદાજ છે.

### ખાદ્ય ફૂગાવો

RBIના જણાવ્યા અનુસાર અનાજના રેકોર્ડ ઉત્પાદનના પરિણામે આગામી મહિનાઓમાં ખાદ્ય ફૂગાવો નીચે રહેવાની ધારણા છે.

### યથાવત પોલિસી રેટ

| ક્રમ | ઈન્ડીકેટર્સ | રેટ |
|---|---|---|
| 1 | રેપો રેટ | 4.0% |
| 2 | રિવર્સ રેપો રેટ | 3.35% |
| 3 | MSF | 4.25% |
| 4 | બેંક રેટ | 4.25% |
| 5 | CRR | 4.0% |
| 6 | SLR | 18.0% |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

નોંધ : (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને રેપો રેટ કહે છે.

(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.

(3) CRRનું પૂરું નામ 'Cash Reserve Ratio' છે.


(4) SLRનું પૂરું નામ 'Statutory Liquidity Ratio' છે.

(5) MSFનું પૂરું નામ 'Marginal Standing Facility' છે.

## Monetary Policy Report

RBIની મોનેટરી પોલિસીની કમિટી (MPC) દ્વારા 'મોનેટરી પોલિસી રિપોર્ટ' પ્રકાશિત કરવામાં આવે છે.

- મોનેટરી પોલિસી એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા દેશમાં ભાવની સ્થિરતા જાળવવા અને ઉચ્ચ આર્થિક વૃધ્ધિ હાંસલ કરવા માટે વ્યાજ દરના નિયંત્રણ દ્વારા અર્થતંત્રમાં નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવામાં આવે છે.
- ભારતમાં Monetary Policyની સમિક્ષા માટે 'મોનેટરી પોલિસી કમિટી'ની રચના કરવામાં આવે છે.
- RBIના ગવર્નર આ કમિટીના અધ્યક્ષ હોય છે.



1. ભારતમાં 'રાષ્ટ્રીય ટપાલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર (C)

2. 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર (C)

3. વર્ષ 2021ની 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની થીમ શું છે ?

(A) Mental Health in an Unequal World

(B) Mental Health in the Workplace

(C) Move for Mental Health : Increased Investment in Mental Health

(D) Mental Health : Promotion and Suside Prevention (A)

4. વર્ષ 2021ના ભૌતિકશાસ્ત્રના નોબેલ પુરસ્કાર વિજેતામાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) શ્રી સ્યુકરો મનાબે (B) શ્રી ક્લાઉસ હેસલમેન

(C) શ્રી જ્યોર્જિયો પેરિસી (D) ઉપરોક્ત તમામ (D)

5. કયા બે સંશોધકોને વર્ષ 2021નો રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?

(A) શ્રી બેન્જામિન લિસ્ટ અને શ્રી ડેવિડ મેકમિલન (B) શ્રી દિમિત્રી મુરતોવ અને શ્રી ડેવિડ કાર્ડ

(C) શ્રી હાર્વે અલ્ટર અને શ્રી રોજર પેનરોઝ (D) શ્રી રેઈનહાર્ડ ગેંઝેલ અને શ્રી જેનિફેર દૌદના (A)

6. શ્રી ડેવિડ જુલિયસ અને શ્રી આર્ડમ પાટાપોટિયનને વર્ષ 2021નો કયો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?

(A) ભૌતિકશાસ્ત્ર (B) રસાયણશાસ્ત્ર

(C) ચિકિત્સા–શરીર વિજ્ઞાન (D) અર્થશાસ્ત્ર (C)

7. વર્ષ 2021નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?

(A) શ્રી સ્યુકરો મનાબે (B) શ્રી અબ્દુલરાઝાક ગુર્નાહ

(C) સુશ્રી મારિયા રેસા (D) સુશ્રી એન્ડ્રિયા ગેસ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. વર્ષ 2021નો શાંતિ (Peace)નો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?

(A) શ્રી ડેવિડ જુલિયસ અને સુશ્રી એસ્થર ડફ્લો
(B) શ્રી બેન્જામિન લિસ્ટ અને સુશ્રી લુઈસ ગ્લુક
(C) શ્રી દિમિત્રી મુરતોવ અને સુશ્રી મારિયા રેસા
(D) સુશ્રી એન્ડ્રિયા ગેઝ

(C)

9. વર્ષ 2021નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?

(A) શ્રી ડેવિડ કાર્ડ
(B) શ્રી જોશુઓ ડી એન્ગ્રિસ્ટ
(C) શ્રી ગુઈડો ઈમ્બેન્સ
(D) ઉપરોક્ત તમામને

(D)

10. સાહિત્યનો નોબેલ પુરસ્કાર કોના દ્વારા એનાયત થાય છે ?

(A) રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયન્સિઝ
(B) નોર્વેજીયન નોબેલ કમિટી
(C) સ્વિડિશ એકેડેમી
(D) રોયલ સ્વિડિશ એકેડમી ફોર લિટરેચર

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

11. ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ તાજેતરમાં ઓક્ટોબર 2021 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડ્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. રેપો રેટ 4% પર યથાવત રાખવામાં આવ્યો છે.

2. રિવર્સ રેપોરેટ 3.35% પર યથાવત રાખવામાં આવ્યો છે.

3. સીમાંત સ્થાયી સુવિધા (MSF) અને બેંક દર 4.5% પર યથાવત છે.

4. RBIએ નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતના GDPને 13.6% પર જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2, 3 અને 4

(B)

12. RBIએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતના GDPને ______% પર જાળવી રાખવામાં આવ્યો છે.

(A) 9.5
(B) 12.6
(C) 4.3
(D) 5.2

(A)

## દિવસ મહિમા : 11 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ અથવા International Day of the Girl Child અથવા International Day of the Girl

## ભારતમાં કોલસાની અછત (Coal Shortage Crisis in India)

Central Electricity Authority of Indiaના આંકડા અનુસાર ભારતના થર્મલ પાવર પ્લાન્ટ્સ કોલસાની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે.

- કોલસાની તીવ્ર અછતના કારણે વીજ સંકટ આવી શકે છે.

### કોલસાની અછતના કારણો

(1) વિજળીની માંગમાં વધારો :

– પુરવઠા સંબંધી મુદ્દાઓ સાથે જોડાયેલ કોવિડ– 19 મહામારીમાંથી પુનઃપ્રાપ્ત થતી અર્થવ્યસ્થાએ વર્તમાન કોલસાની અછતને જન્મ આપ્યો છે.

– વીજળીની માંગમાં તીવ્ર ઉછાળો, સ્થાનિક ખાણ ઉત્પાદન પર દબાણ અને દરિયાઈ કોલસાના વધતા ભાવથી ભારત પરેશાન છે.

(2) થર્મલ પાવર પ્લાન્ટનો હિસ્સો વધ્યો :

– કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સએ માંગમાં વધારાનું ઊંચુ પ્રમાણ પાડ્યું છે, જેના કારણે ભારતના ઉર્જા મિશ્રણમાં થર્મલ પાવરનો હિસ્સો વર્ષ 2019માં 61.9% થી વધીને 66.4% થયો છે.

(3) પૂર અને વરસાદ :

– એપ્રિલ–જૂન સામયગાળા દરમિયાન થર્મલ પાવર પ્લાન્ટ્સ દ્વારા સામાન્ય સ્ટોક સંચય કરતા ઓછો અને ઓગસ્ટ–સપ્ટેમ્બરમાં કોલસા સંબંધિત વિસ્તારોમાં સતત વરસાદના કારણે ઉત્પાદન ઓછુ થયું હતું. જેના કારણે કોલસાની ખાણોમાંથી કોલસો ઓછો મોકલવામાં આવ્યો હતો.

(4) આયાતમાં ઘટાડો :

– ઊંચી આંતરરાષ્ટ્રીય કોલસાની કિંમતો સાથે ધીમી આયાત કોલસાની અછત તરફ દોરી ગઈ છે.

– આયાતી કોલસાથી ચાલતા પાવર પ્લાન્ટ ઉંચા ભાવને કારણે તેમની ક્ષમતાના અડધાથી પણ ઓછુ ઉત્પાદન કરી રહ્યા છે.



## કોલસો

તે સૌથી પુષ્કળ પ્રમાણમાં મળી આવતું અશ્મિભૂત ઈંધણ છે.

- લોખંડ, સ્ટીલ, સ્ટીમ એન્જિન જેવા ઉદ્યોગોમાં અને વીજળી ઉત્પાદન કરવા માટે તેનો ઉપયોગ ઘરેલું બળતણ તરીકે થાય છે.
- કોલસામાંથી ઉત્પન્ન થતી વીજળીને 'થર્મલ પાવર' કહેવામાં આવે છે.
- કોલસો મુખ્યત્વે હાઈડ્રોકાર્બનથી નિર્મિત એક કઠોર બહુસ્તરીય શીલા છે, જેમાંથી ઉષ્મા અને પ્રકાશ બંને મળે છે.
- રાસાયણિક સ્તરે કોલસામાં કાર્બન હોય છે જે તેના કાળા રંગ સાથે ઉષ્મીય ક્ષમતા પણ નિર્ધારિત કરે છે.
- કોલસામાં રહેલા બાષ્પશીલ ગેસને દૂર કરી તેમાંથી કોક બનાવવામાં આવે છે જે ઉદ્યોગોમાં ઉપયોગી છે.
- કુદરતી વનસ્પતીમાંથી કોલસો બનવાની અત્યંત ધીમી પ્રક્રિયાને 'કાર્બોનાઈઝેશન' કહે છે.
- કોલસાની ગુણવત્તા તેમાં રહેલી કાર્બનની માત્રાને આધારે નક્કી થાય છે જેના આધારે તેના ચાર પ્રકાર છે :

**કોલસાના પ્રકાર**

(1) એન્થ્રેસાઈટ | (2) બીટુમિનસ | (3) લિગ્નાઈટ | (4) પીટ કોલસો

## નેપાળ અને ભારત વચ્ચે રેલ લિંક

નેપાળ અને ભારત વચ્ચે રેલ લિંકનો પ્રથમ તબક્કો પડોશી દેશની પ્રથમ બ્રોડગેજ પેસેન્જર સેવા (જયનગર–બીજલપુરા–બરદીબાસ રેલવે પ્રોજેક્ટ)ને ફરીથી શરૂ કરવા માટે તૈયાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પૃષ્ઠભૂમિ

20મી સદીની શરૂઆતથી નેપાળ અને ભારત વચ્ચે રેલ જોડાણ લોકપ્રીય છે.

- 1837માં બ્રિટિશરોએ નેપાળથી ભારતમાં મુખ્યત્વે લોકો અથવા માલસમાનની અવર જવર માટે નેરોગેજ લાઈન બનાવી હતી.
- જોકે સમય જતા તે એક લોકપ્રિય પેસેન્જર સેવા બની ગઈ છે.
- નોંધનીય છે કે વર્ષ 2014માં તેને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવા માટે બંધ કરવામાં આવી હતી.

### સુધારેલ પ્રોજેક્ટ

તબક્કા– 1 હેઠળ બિહારના જયનગર અને નેપાળના કુર્થા વચ્ચે 34 કિ.મીની લાઈન વિસ્તૃત કરવામાં આવશે.

- જ્યારે બીજા તબક્કા હેઠળ કુર્થાથી બીજલપુરા સુધી 17 કિ.મી લાંબી રેલવે લાઈનને પણ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.
- તમામ તબક્કાઓનો કુલ બાંધકામ ખર્ચ 784 કરોડ અંદાજવામાં આવ્યો છે. જે નેપાળને અનુદાન તરીકે ભારત દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે.

## મેનેજમેન્ટ બોડી

<u>કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડ</u>ને લાઈનના સંચાલન અને જાળવણી માટેનો કરાર મળ્યો છે અને દ્વિપક્ષીય કરાર મુજબ તે નેપાળ દ્વારા પૂરી પાડવામાં આવતી માનવશક્તિને તાલીમ અને વિકાસ કરશે.

## ઈલેક્ટ્રિક રેલ ટ્રેક

ભારતમાં <u>રક્ષોલ (બિહાર) સાથે કાઠમંડુને જોડતો ઈલેક્ટ્રિક રેલ ટ્રેક</u> નાખવા માટે બંને સરકારો વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

## પરિવહન ટ્રેન સેવાઓ

ભારત અને નેપાળે '<u>ભારત–નેપાળ રેલ સેવા કરાર</u>' (RSA), 2004 માટે એક <u>વિનિમય પત્ર (LoE)</u> પર હસ્તાક્ષર કર્યા છે.

- તે તમામ અધિકૃત કાર્ગો ટ્રેન ઓપરેટરોને ભારતીય રેલવે નેટવર્કનો ઉપયોગ કરીને કન્ટેનર અને અન્ય સામાન નેપાળ (ભારત અને નેપાળ વચ્ચેના ભારતીય બંદરોથી અથવા ત્રીજા દેશોથી નેપાળ સુધી) ખસેડાવા માટે પરવાનગી આપશે.



1. 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ' અથવા 'International Day of the Girl' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર **(A)**

2. તાજેતરમાં ભારતમાં કોલસાની અછત ઉભી થઈ છે. કોલસાની અછત ઉભી થવાના કારણો સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ઊંચી આંતરરાષ્ટ્રીય કોલસાની કિંમતો સાથે ધીમી આયાત કોલસાની અછત તરફ દોરી ગઈ છે.
2. ઓગસ્ટ–સપ્ટેમ્બરમાં કોલસા સંબંધિત વિસ્તારોમાં સતત વરસાદના કારણે ઉત્પાદન ઓછુ થયુ હતું. જેના કારણે કોલસાની ખાણોમાંથી કોલસો ઓછો મોકલવામાં આવ્યો હતો.
3. ભારતમાં કોલસાની અછતનું સૌથી મોટું કારણ બાંગ્લાદેશ અને માલદિવ્સથી આવતા કોલસામાં થયેલો ઘટાડો છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 (D) 1, 2 અને 3 **(B)**

3. કોલસા સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે સૌથી પુષ્કળ પ્રમાણમાં મળી આવતું અશ્મિભૂત ઈંધણ છે.

(B) લોખંડ, સ્ટીલ,સ્ટીમ એન્જિન જેવા ઉદ્યોગોમાં અને વીજળી ઉત્પન્ન કરવા માટે તેનો ઉપયોગ ઘરેલું બળતણ તરીકે થાય છે.

(C) કોલસામાંથી ઉત્પન થતી વીજળીને 'થર્મલ પાવર' કહેવામાં આવે છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

4. નેપાળ અને ભારત વચ્ચે રેલ લિંકનો પ્રથમ તબક્કો પડોશી દેશની પ્રથમ બ્રોડગેજ પેસેન્જર સેવાને ફરીથી શરૂ કરવા માટે તૈયાર છે. આ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તબક્કા 1 હેઠળ બિહારના જયનગર અને નેપાળના કુર્થા વચ્ચે 34 કિ.મીની લાઈન વિસ્તૃત કરવામાં આવશે.

(B) જ્યારે બિજા તબક્કા હેઠળ લખનૌથી કાઠમંડુ સુધી રેલવે લાઈન વિસ્તૃત કરવામાં આવશે.


(C) ત્રીજા તબક્કા હેઠળ પટણા લખનૌ–કાઠમંડુ પ્રોજેક્ટને વિકસાવવામાં આવશે.

(D) ઉપરોક્ત તમામ સાચા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 ઓક્ટોબર, વિશ્વ સંધિવા દિવસ

## ગુજરાત હાઈકોર્ટના 26મા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ અરવિંદ કુમારની નિમણૂક



ગુજરાત હાઈકોર્ટના નવા ચીફ જસ્ટિસ તરીકે શ્રી અરવિંદ કુમારની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી અરવિંદ કુમાર ગુજરાતના 26મા ચીફ જસ્ટિસ (ઓવરઓલ 27મા) બન્યા છે.
- ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી અરવિંદ કુમારે ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયધીશ શ્રી રશ્મિનભાઈ મનહરભાઈ છાયાનું સ્થાન લીધું છે.
- ગાંધીનગરના રાજભવન ખાતે યોજાયેલ સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે શ્રી અરવિંદ કુમારને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ અપાવ્યા છે.

નોંધ : (1) તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના 25મા મુખ્ય ન્યાયાધીશ શ્રી વિક્રમનાથની ભારતની સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિમણૂક થઈ હતી. આથી ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનું પદ ખાલી પડ્યું હતું.

(2) ત્યારબાદ શ્રી વિનિત કોઠારીને કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક થઈ હતી. તેઓ 1 સપ્ટેમ્બર, 2021ના રોજ નિવૃત્ત થયા હતા.

(3) ત્યારબાદ શ્રી રશ્મિન મનહરભાઈ છાયાએ મુખ્ય કાર્યકારી ન્યાયાધીશનો ચાર્જ સંભાળ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી અરવિંદ કુમાર

શ્રી અરવિંદ કુમારનો જન્મ 14 જૂલાઈ, 1962ના રોજ થયો હતો.

- તેઓ કર્ણાટક હાઈકોર્ટમાં 26 જૂન, 2009માં એડિશનલ જજ તરીકે નિયુક્ત પામ્યા હતા.
- ત્યારબાદ 7 ડિસેમ્બર, 2012ના રોજ તેમને કાયમી જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- જસ્ટિસ અરવિંદ કુમારે વર્ષ 1987માં વકીલાત શરૂ કરી હતી. તેમણે કર્ણાટકની નીચલી અદાલત અને હાઈકોર્ટમાં વકીલાત કરેલી છે.
- વર્ષ 1999માં તેઓ કેન્દ્ર સરકારના એડિશનલ સ્ટેન્ડિંગ કાઉન્સેલ તરીકે નિમાયા હતા.
- વર્ષ 2005માં તેમની નિમણૂક આસિસ્ટન્ટ સોલિસેટર જનરલ તરીકે પણ કરાઈ હતી.
- તેમણે CBIના ખાસ સરકારી વકીલ તરીકે પણ ફરજ નિભાવેલી છે.
- છેલ્લા 12 વર્ષથી કર્ણાટક હાઈકોર્ટમા જસ્ટિસ તરીકે કાર્યરત રહ્યા બાદ તાજેતરમાં તેની ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિમણૂક કરાઈ છે.

## હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)

ભારતીય બંધારણના ભાગ 6ના અનુચ્છેદ 214 થી 231 અંતર્ગત હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં હાલ કુલ 25 હાઈકોર્ટ આવેલી છે.
- કોલકાતા હાઈકોર્ટ ભારતની સૌથી જૂની હાઈકોર્ટ છે. તેની સ્થાપના 2 જૂલાઈ, 1862ના રોજ થઈ હતી.
- ભારતમાં છેલ્લે 23, 25 અને 26 માર્ચ 2013ના રોજ અનુક્રમે મેઘાલય, મણિપુર અને ત્રિપુરામાં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ 1 જાન્યુઆરી, 2019ના રોજ ભારતમાં 25મી હાઈકોર્ટ તરીકે આંધ્રપ્રદેશ હાઈકોર્ટની રચના કરવામાં આવી છે.
- ગુજરાત હાઈકોર્ટની સ્થાપના 1 મે, 1960ના રોજ થઈ હતી.
- હાઈકોર્ટ એ રાજ્ય ન્યાયતંત્રનું સર્વોચ્ચ ન્યાયાલય છે.
- રાજ્યના અન્ય ન્યાયાલયો હાઈકોર્ટને આધીન હોય છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 214 અનુસાર પ્રત્યેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. પરંતુ 1956ના 7મા બંધારણીય સુધારા અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હાઈકોર્ટના ન્યાયાધીશ

ભારતીય બંધારણના અનુચ્છેદ 216 અનુસાર દરેક હાઈકોર્ટમાં એક મુખ્ય ન્યાયાધીશ અને બીજા અન્ય ન્યાયાધીશો હોય છે.

- હાઈકોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વખતો વખત રાષ્ટ્રપતિ નક્કી કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 217 અનુસાર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તથા સંબંધિત રાજ્યના રાજ્યપાલની સલાહથી કરવામાં આવે છે.
- અનુચ્છેદ 217 અનુસાર રાષ્ટ્રપતિ હાઈકોર્ટના અન્ય ન્યાયાધીશોની નિયુક્તિ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ, સંબંધિત રાજ્યના રાજ્યપાલ અને એ રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની સલાહ પ્રમાણે કરે છે.
- આ ઉપરાંત ભારતની હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક માટે 'Collegium'ની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

## હાઈકોર્ટના મુખ્ય તથા અન્ય ન્યાયાધીશ માટેની લાયકાતો

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) ઓછામાં ઓછા 10 વર્ષનો ન્યાયાધીશનો અનુભવ હોવો જોઈએ.

**અથવા**

ઓછામાં ઓછા 10 વર્ષ સુધી હાઈકોર્ટમાં વકીલાતનો અનુભવ હોવો જોઈએ.

## હાઈકોર્ટના ન્યાયાધીશનો કાર્યકાળ

ભારતીય બંધારણના અનુચ્છેદ– 217 મુજબ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત તમામ ન્યાયાધીશ 62 વર્ષની વય સુધી પોતાના પદ પર સેવા આપી શકે છે.

- કોઈપણ ન્યાયાધીશ ભારતના રાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશના શપથ

અનુચ્છેદ– 219 અનુસાર હાઈકોર્ટના ન્યાયાધીશોની શપથવિધિ રાજ્યપાલ કે રાજ્યપાલ દ્વારા નિમાયેલી અન્ય વ્યક્તિ સમક્ષ યોજાય છે.

## પગાર અને ભથ્થા

વર્તમાન સમયે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો પગાર રૂ. 2,50,000 પ્રતિમાસ અને અન્ય ન્યાયાધીશનો પગાર રૂ. 2,25,000 પ્રતિમાસ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હાઈકોર્ટ અંગે ભારતીય બંધારણના મહત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ– 214 | રાજ્યો માટે હાઈકોર્ટ |
| અનુચ્છેદ– 215 | હાઈકોર્ટ માટે રેકર્ડ ન્યાયાલય રહેશે |
| અનુચ્છેદ– 216 | હાઈકોર્ટની રચના |
| અનુચ્છેદ– 217 | હાઈકોર્ટના ન્યાયાધીશની નિમણૂક અને તેના હોદ્દાની શરતો |
| અનુચ્છેદ– 219 | હાઈકોર્ટના ન્યાયાધીશોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| અનુચ્છેદ– 223 | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશોની નિમણૂક |
| અનુચ્છેદ– 231 | બે કે તેથી વધુ રાજ્યો માટે એક ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના અંગેની જોગવાઈ |

નોંધ : (1) ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી સુંદરલાલ ત્રિકમલાલ દેસાઈ હતા.

(2) આ અગાઉ ગુજરાતના 25મા મુખ્ય ન્યાયાધીશ શ્રી વિક્રમનાથ હતા.

## ભારત અને યુનાઈટેડ કિંગ્ડમનો 'ફોરવર્ડ એક્શન પ્લાન'



ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ 2030 રોડમેપના ભાગરૂપે વીજળી, સ્વચ્છ પરિવહન, નવીનીકરણીય ઉર્જા, ગ્રીન ફાઈનાન્સ અને સંશોધન જેવા પાસાઓ માટે 'ફોરવર્ડ એક્શન પ્લાન' (Forward Action Plane)પર સંમત થયા છે.

- ફોરવર્ડ એક્શન પ્લાનમાં બહુપક્ષીય સહયોગની જરૂરિયાત તેમજ સ્માર્ટ ગ્રીડ, ઉર્જા સંગ્રહ, ગ્રીન હાઈડ્રોજન, મૂળભૂત ચાર્જિંગ માળખું, બેટરી સંગ્રહ અને નવીનીકરણીય ઉર્જા માટે રોકાણ એકત્ર કરવાની જરૂરિયાત સહિતના વિષયોનો સમાવેશ થાય છે.
- ફોરવર્ડ એક્શન પ્લાન પર ત્રીજી 'India-UK Energy for Growth Partnership-Ministerial Energy Dialogue', યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેન્ટ ચેન્જ કોન્ફરન્સ (COP 26)ની પૃષ્ઠભૂમિની પણ ચર્ચા કરવામાં આવી હતી. જે 31 ઓક્ટોબરથી ગ્લાસગોમાં શરૂ થવાની છે.
- યુનાઈટેડ કિંગ્ડમે અગાઉ ગ્રીન અને રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સમાં જાહેર અને ખાનગી રોકાણના 1.2 અબજ ડોલરના પેકેજની જાહેરાત કરી હતી અને ગ્રીન હાઈડ્રોજન પર ભારતને સહકાર આપવાની તૈયારી દર્શાવી હતી.
- આ એક્શન પ્લાન એવા સમયે આવ્યો છે જ્યારે ભારત અને યુ.કે ગ્રીન એનર્જી માટે વૈશ્વિક બેંક સ્થાપવાની સંભાવના શોધી રહ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી સુનીલ છેત્રીએ 77મા ગોલ સાથે બ્રાઝિલના ખેલાડી શ્રી પેલેની બરાબરી કરી

ભારતના પ્રસિધ્ધ ફૂટબોલર શ્રી સુનીલ છેત્રીએ 10 ઓક્ટોબર, 2021ના રોજ પોતાનો આંતરરાષ્ટ્રીય ગોલ ફટકારીને બ્રાઝિલના દિગ્ગજ ફૂટબોલર શ્રી પેલેની બરાબરી કરી હતી.



- શ્રી સુનીલ છેત્રીએ નેપાળ સામેની મેચમાં 77મો ગોલ કર્યો હતો.
- શ્રી સુનીલ છેત્રીએ ભારત માટે તેની 123મી મેચમાં આ સિધ્ધિ મેળવી છે.
- તેઓ 112 ગોલ સાથે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને 79 ગોલ સાથે લિયોનલ મેસ્સીની પાછળ છે.

### શ્રી સુનીલ છેત્રી

ભારતના પ્રસિધ્ધ ફૂટબોલર ખેલાડી શ્રી સુનીલ છેત્રીનો જન્મ 3 ઓગસ્ટ, 1984ના રોજ તેલંગાણાના સિકંદરાબાદ ખાતે થયો હતો.

- તેમના પિતાનું નામ શ્રી કે.બી.છેત્રી અને માતાનું નામ શ્રીમતી સુશીલા છેત્રી છે. તેઓ મૂળ નેપાળના વતની હતા પરંતુ ઘણા વર્ષોથી ભારત આવી સ્થાયી થયા હતા.
- તેમણે વર્ષ 2001માં દિલ્હી ખાતે માત્ર 17 વર્ષની ઉંમરે ફૂટબોલ કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેઓ ભારતીય ટીમ માટે જુનિયર અને સિનિયર એમ બંને કેટેગરીમાં રમી ચૂક્યા છે.
- તેઓ ભારતીય રાષ્ટ્રીય ફૂટબોલ ટીમના કેપ્ટન છે તથા તેમને 'કેપ્ટન ફેન્ટાસ્ટિક' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## TUESDAY Questions

1. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ સંધિવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર **(B)**

2. ગુજરાત હાઈકોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) જસ્ટિસ વિક્રમનાથ (B) જસ્ટિસ વિનિત કોઠારી

(C) જસ્ટિસ અરવિંદ કુમાર (D) જસ્ટિસ વિક્રમ ચૌહાણ **(C)**

3. ગુજરાત હાઈકોર્ટના નવા મુખ્ય ન્યાયધીશ શ્રી અરવિંદ કુમાર અગાઉ કયા રાજ્યની હાઈકોર્ટમાં જસ્ટિસ તરીકે કાર્યરત હતા ?

(A) કર્ણાટક (B) રાજસ્થાન (C) ઉત્તરાખંડ (D) ત્રિપુરા **(A)**

4. ભારતીય બંધારણના કયા ભાગમાં હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) ભાગ– 5 (B) ભાગ– 6 (C) ભાગ– 7 (D) ભાગ– 8 **(B)**

5. ભારતમાં હાલ કુલ કેટલી હાઈકોર્ટ આવેલી છે ?

(A) 23 (B) 24 (C) 25 (D) 28 **(C)**

6. ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશનું નામ શું છે ?

(A) શ્રી રમણલાલ દેસાઈ (B) શ્રી જેઠાલાલ દેસાઈ

(C) શ્રી સુંદરાલાલ દેસાઈ (D) શ્રી વ્રજલાલ દેસાઈ **(C)**

7. તાજેતરમાં ભારત અને _________ દેશ 2030 રોડમેપના ભાગરૂપે વીજળી, સ્વચ્છ પરિવહન, નવીનીકરણીય ઉર્જા, ગ્રીન ફાઈનાન્સ અને સંશોધન જેવા પાસાઓ માટે 'ફોરવર્ડ એક્શન પ્લાન' (Forward Action Plan) પર સંમત થયા છે.

(A) યુનાઈટેડ કિંગડમ (B) યુનાઈટેડ આરબ અમિરાત

(C) ઓસ્ટ્રેલિયા (D) ફ્રાન્સ **(A)**

8. તાજેતરમાં ભારતના કયા પ્રસિધ્ધ ફૂટબોલરે 77મા ગોલ સાથે બ્રાઝિલના ખેલાડી શ્રી પેલેની બરાબરી કરી હતી ?

(A) શ્રી અનિરુધ્ધ થપ્પા (B) શ્રી મનવીર સિંહ

(C) શ્રી મોહમ્મદ યાસીર (D) શ્રી સુનીલ છેત્રી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 13 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ (International Day for Disaster Reduction)

સમગ્ર વિશ્વમાં આપત્તિનું જોખમ ઘટાડવા અને એ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 13 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વભરમાં આપત્તિ ઘટાડવાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના આહવાન બાદ વર્ષ 1989માં આપત્તિ જોખમ ઘટાડવા માટે આંતરરાષ્ટ્રીય દિવસની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ 2021ની 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ' ની થીમ 'International Cooperation for Developing Countries to Reduce their Disaster Risk and Disaster Losses' છે.
- આ થીમ આબોહવા પરિવર્તન સામે લડવા માટે 2015ના પેરિસ કરારને પૂર્ણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

## Indian Space Association (ISPA)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'ઈન્ડિયન સ્પેસ એસોસિએશન' (ISPA)નું લોન્ચિંગ કર્યુ છે.

- આ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે અવકાશ સુધારણા માટે સરકારનો અભિગમ 4 સ્તંભો પર આધારિત છે.

### ઈન્ડિયન સ્પેસ એસોસિએશન



ઈન્ડિયન સ્પેસ એસોસિએશન (ISPA) ભારતીય અંતરિક્ષ ઉદ્યોગને એકીકૃત કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું છે.

- ઈન્ડિયન સ્પેસ એસોસિએશનનું પ્રતિનિધિત્વ મુખ્ય સ્થાનિક અને વૈશ્વિક કોર્પોરેશનો દ્વારા હાથ ધરવામાં આવશે, જેમની પાસે અવકાશ અને ઉપગ્રહ તકનીકોમાં અદ્યતન ક્ષમતાઓ છે.
- ISPA ભારતને આત્મનિર્ભર, તકનીકી રીતે અદ્યતન અને અંતરીક્ષ ક્ષેત્રમાં અગ્રણી બનાવવા માટે સરકાર અને તેની એજન્સીઓ સહિત ભારતીય અંતરીક્ષ ક્ષેત્રના તમામ હિસ્સેદારો સાથે નીતિ સંકલન અને પરામર્શ કરશે.
- ISPA ભારતીય અંતરીક્ષ ઉદ્યોગ માટે વૈશ્વિક જોડાણો બનાવવાની નોંધપાત્ર ટેક્નોલોજી અને રોકાણ લાવી શકે તથા વધુ કુશળ નોકરીઓ ઉભી કરી શકશે.

### ISPAનું મહત્વ

સંગઠનનું મુખ્ય લક્ષ્ય ભારતને વ્યાપારી અવકાશ આધારિત સેવા પ્રદાતામાં વૈશ્વિક અગ્રણી બનાવવાની દિશામાં સરકારના પ્રયાસોને પૂરક બનાવવાનું છે.

- ઈસરોના રોકેટ હાલમાં વિવિધ દેશોના પેલોડ અને સંદેશાવ્યવહાર ઉપગ્રહોને અવકાશમાં લઈ જાય છે, હવે ખાનગી ભાગીદારો પણ આ સંસ્થા સાથે જોડાવાનો પ્રયત્ન કરશે.

- ખાનગી ક્ષેત્રની કેટલીક કંપનીઓએ ભારતના અંતરીક્ષ ક્ષેત્રમાં રસ દર્શાવ્યો છે, જેમાં અવકાશ આધારિત સંચાર નેટવર્ક અગ્રણી છે.

## અન્ય સંબંધિત સંસ્થાઓ

**IN-Space : 'Indian National Space Promotion and Authorization Center' (IN-Space)**ને ખાનગી કંપનીઓને ભારતીય સ્પેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની એક્સેસ કરવાની સમાન તક પૂરી પાડવા વર્ષ 2020માં મંજૂરી આપવામાં આવી હતી.

- **NSIL : 2019**ના બજેટમાં સરકારે જાહેર ક્ષેત્રની કંપની 'ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ' (NSIL)ની સ્થાપનાની જાહેરાત કરી હતી જે ઈસરોની માર્કેટિંગ શાખા તરીકે કામ કરશે.
- તેનો મુખ્ય ઉદ્દેશ ઈસરો દ્વારા વિકસિત ટેક્નોલોજીનું માર્કેટિંગ કરવાનો છે.

## અવકાશ સુધારણાના ચાર સ્તંભ

અવકાશ સુધારણાના ચાર સ્તંભ નીચે મુજબ દર્શાવ્યા છે :

(1) ખાનગી ક્ષેત્રને નવીનતાની સ્વતંત્રતા આપવી

(2) પ્રમોટર તરીકે સરકારની ભૂમિકા

(3) યૂવાનોને ભવિષ્ય માટે તૈયાર કરવા

(4) સામાન્ય માણસની પ્રગતિ માટે સ્પેસ સેક્ટરને સાધન તરીકે જોવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, 2021

તાજેતરમાં 'યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (UNDP) અને 'ઓક્સફર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશીયેટીવ' (OPHI) દ્વારા 'વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, 2021' (Global Multidimensional Poverty Index, 2021) બહાર પાડવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સ 109 દેશોમાં 5.9 અબજ લોકોને આવરી લઈને બહુપરીમાણીય ગરીબીના સ્તર અને માળખાની તપાસ કરે છે.

## ઈન્ડેક્સ વિશે

### વૈશ્વિક ડેટા

1.3 અબજ લોકો બહુપરીમાણીય રીતે ગરીબ છે.

- જેમાંથી લગભગ અડધા (644 મિલિયન) 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો છે.
- આશરે 85% ઉપ–સહારા આફ્રિકા (556 મિલિયન) અથવા દક્ષિણ એશિયા (532 મિલિયન)માં રહે છે.
- 67% થી વધુ મધ્યમ આવક ધરાવતા દેશોમાં રહે છે.

## ગરીબીમાં સમયાંતરે ઘટાડો

80 દેશો અને પાંચ અબજ લોકોમાંથી (જેના માટે સામયિકો અને ડેટા બંને ઉપલબ્ધ છે) ઓછામાં ઓછા એક સમયગાળામાં 70 દેશોએ MPI (બહુપરીમાણીય ગરીબી સૂચકાંક)ને ઘટાડ્યું છે.

- જેમાંથી સીએરા લિયોન (2013-2017)માં સૌથી ઝડપી પરિવર્તન આવ્યું છે.

## ગરીબીમાં સંપૂર્ણ ઘટાડો

કેટલાક દેશોએ તેમના સૌથી ગરીબ પ્રદેશોમાં સૌથી સંપૂર્ણ ઘટાડો જોયો છે, જેમણે કોઈને પણ પાછળ ન છોડવાના તેમની પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં મદદ કરી છે.

- આ પ્રદેશોમાં લાઈબેરિયામાં ઉત્તર મધ્ય (2013-2019/2020) અને નેપાળમાં પ્રાંત 2 (2016-2019)નો સમાવેશ થાય છે.

## શિક્ષણ

વિશ્વભરમાં બહુપરીમાણીય ગરીબોમાંથી લગભગ બે તૃતીયાંશ એવા ઘરોમાં રહે છે જ્યાં કોઈ મહીલા કે દીકરીએ ઓછામાં ઓછા છ વર્ષનું શિક્ષણ પૂરું કર્યુ નથી.

## કોવિડ- 19ની અસર

Covid-19 મહામારીએ વિશ્વભરમાં વિકાસની પ્રગતિને ખતમ કરી દીધી છે અને હજી પણ તેની સંપૂર્ણ અસરોને સમજવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

- તેણે સમગ્ર વિશ્વમાં સામાજિક સુરક્ષા પ્રણાલીઓ, શિક્ષણ અને કામદારોની નબળાઈમાં નબળાઈને ઉજાગર કરી છે.
- ઊંચા સ્તરના બહુપરીમાણીય ગરીબી ધરાવતા દેશોમાં આ નબળાઈઓ સૌથી મોટી છે.

## ભારતીય દશ્ય

અનુસૂચિત જનજાતિ જૂથ જે 9.4% વસતી ધરાવે છે, તે ભારતમાં સૌથી ગરીબ છે.

- 129 મિલિયન લોકોમાંથી 65 મિલિયન લોકો બહુપરીમાણીય ગરીબીમાં જીવી રહ્યા છે.
- 283 મિલિયન અનુસૂચિત જાતિ જૂથમાંથી 94 મિલિયન બહુપરીમાણીય ગરીબીમાં જીવી રહ્યા છે.

## બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI)

તે વર્ષ 2010માં 'ઓક્સફોર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ' (OHPI) અને 'યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (UNDP) દ્વારા વિકસાવવામાં આવ્યો હતો.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

- MPI એ વિચાર પર આધારિત છે કે ગરીબી એક પરિમાણ નથી (તે માત્ર આવક પર આધારિત નથી અને તે વ્યક્તિને શિક્ષણ, આરોગ્ય વગેરે જેવી ઘણી મૂળભૂત જરૂરિયાતોનો અભાવ હોઈ શકે છે), પરંતુ તે બહુપરીમાણીય છે.
- આ સૂચકાંક વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી ઈન્ડેક્સ પર આધારિત છે, જે દર વર્ષે વ્યક્તિગત અને સામૂહિક રીતે ગરીબ લોકોના જીવનની જટિલતાઓને માપે છે.
- MPI <u>ત્રણ પરિમાણો</u> અને <u>દસ સૂચકોનો</u> ઉપયોગ કરે છે. જે નીચે મુજબ છે :

  (1) <u>શિક્ષણ</u> : સ્કૂલિંગ અને બાળ નોંધણીના વર્ષો (દરેકનો 1/6 ભાર, કુલ 2/6)

  (2) <u>આરોગ્ય</u> : બાળ મૃત્યુ અને પોષણ (દરેકનો 1/6 ભાર, કુલ 2/6)

  (3) <u>જીવનધોરણ</u> : વીજળી, ફ્લોર, પીવાનું પાણી, સ્વચ્છતા, રસોઈ બળતણ અને સંપત્તિ (દરેકનો 1/18 ભાર, કુલ 2/6)
- તે વર્ણવે છે કે લોકો ત્રણ મુખ્ય પરિમાણોમાં કેવી રીતે પાછળ રહે છે : આરોગ્ય, શિક્ષણ અને જીવન ધોરણ જેમા 10 સૂચકાંકનો સમાવેશ થાય છે.
- જે લોકો આ ભારિત સૂચકાંકોમાં ઓછામાં ઓછા એક તૃતિયાંશ (એટલે કે 33% કે તેથી વધુ)માં વંચિતતા અનુભવે છે તે બહુપરીમાણીય રીતે ગરીબની શ્રેણીમાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ' અથવા તો 'International Day for Disaster Reduction' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર **(C)**

2. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'Indian Space Association' (ISPA)નું લોન્ચિંગ કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ઈન્ડિયન સ્પેસ એસોસિએશન (ISPA) ભારતીય અંતરિક્ષ ઉદ્યોગને એકીકૃત કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું છે.
2. ઈન્ડિયન સ્પેસ એસોસિએશનનું પ્રતિનિધિત્વ મુખ્ય સ્થાનિક અને વૈશ્વિક કોર્પોરેશનો દ્વારા હાથ ધરવામાં આવશે.
3. ISPA ભારતીય અંતરીક્ષ ઉદ્યોગ માટે વૈશ્વિક જોડાણો બનાવવાની દિશામાં પણ કામ કરશે.
4. ISPAનું મુખ્ય મથક લખનૌ ખાતે સ્થાપવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

3. તાજેતરમાં કોના દ્વારા 'વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક' (Global Multidimensiona Poverty Index, 2021) કોના દ્વારા બહાર પાડવામાં આવ્યો છે ?

(A) યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP)
(B) ઓક્સફોર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશીયેટીવ (OPHI)
(C) (A) અને (B) બંને દ્વારા
(D) Food and Agriculture Organization **(C)**

4. વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, 2021' મુજબ વૈશ્વિક સ્તરે ______ અબજ લોકો બહુપરીમાણીય રીતે ગરીબ છે.

(A) 1.3 (B) 5.6 (C) 7.8 (D) 8.9 **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય ઈ-વેસ્ટ દિવસ (International E-Waste Day)
## (2) વિશ્વ માનક દિવસ અથવા વિશ્વ માપદંડ દિવસ (World Standards Day)

## પૂર્વ IAS શ્રી અમિત ખરેને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા



ભૂતપૂર્વ ઉચ્ચ શિક્ષણ સચિવ શ્રી અમિત ખરેને 12 ઓક્ટોબર, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- શ્રી અમિત ખરે સપ્ટેમ્બર, 2021માં IASના પદ પરથી નિવૃત થયા હતા.
- તેઓ ઝારખંડ કેડરના 1985 બેચના નિવૃત IAS અધિકારી છે.
- 'ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ' દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચના અનુસાર શ્રી અમિત ખરેને બે વર્ષના સમયગાળા માટે વડાપ્રધાનના સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- તેમણે ડિસેમ્બર, 2019માં શિક્ષણ મંત્રાલય (ઉચ્ચ શિક્ષણ વિભાગ)ના સચિવનો કાર્યભાર સંભાળ્યો હતો અને તેમની દેખરેખ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને મંજૂરી આપવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રધાનમંત્રી ગતિ શક્તિ યોજના

તાજેતરમાં ભારત સરકારે લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા માટે મૂળભૂત માળખાગત પ્રોજેક્ટના સંકલિત અને અમલ માટે મહત્વાકાંક્ષી ગતિ શક્તિ યોજના અથવા 'નેશનલ માસ્ટર પ્લાન ફોર મલ્ટી–કનેક્ટિવિટી પ્લાન' શરૂ કર્યો છે.

### પ્રધાનમંત્રી ગતિ શક્તિ યોજના વિશે

#### ઉદ્દેશ




તેનો મુખ્ય ઉદ્દેશ જમીની સ્તર પરના કામને વેગ આપવા, ખર્ચ ઘટાડવા અને રોજગાર ઉત્પન્ન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને આગામી ચાર વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું સંકલિત આયોજન અને અમલીકરણ સુનિશ્ચિત કરવાનો છે.

- ગતિ શક્તિ યોજના હેઠળ વર્ષ 2019માં શરૂ કરવામાં આવેલી 110 લાખ કરોડ રૂપિયાની 'નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન'ને આવરી લેવામાં આવશે.
- લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા ઉપરાંત, આ યોજનાનો ઉદ્દેશ વેપાર વધારવા માટે કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા વધારવા અને બંદરો પર ટર્નઅરાઉન્ડ સમય ઘટાડવાનો છે.

- તે 11 ઔદ્યોગિક કોરિડોર અને બે નવા સંરક્ષણ કોરિડોર (એક તમિલનાડુમાં અને બીજો ઉત્તરપ્રદેશમાં) બનાવવાનું લક્ષ્ય ધરાવે છે.
- આ અંતર્ગત 4G કનેક્ટિવિટી તમામ ગામોમાં વિસ્તૃત કરવામાં આવશે.
- આ ઉપરાંત ગેસ પાઈપલાઈન નેટવર્કમાં 17,000 કિ.મીની ક્ષમતાં ઉમેરવાની યોજના બનાવવામાં આવી રહી છે.
- તે વર્ષ 2024-25 માટે સરકાર દ્વારા નિર્ધારિત મહત્વાકાંક્ષી લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરશે, જેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્કની લંબાઈ 2 લાખ કિ.મી સુધી વધારવી, 200 થી વધુ નવા એરપોર્ટ, હેલિપાર્ટસ અને વોટર એરોડ્રોમ્સના નિર્માણનો સમાવેશ થાય છે.

## સંકલિત અભિગમ

તે મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત 16 મંત્રાલયોને એક સાથે લાવવા પર ભાર મૂકે છે.

- તે સમયસર રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ક્ષમતા વધારવામાં અને ઉપયોગમાં લેવા માટે તેમજ અનબાઉન્ડ પ્લાનિંગ, સ્ટાન્ડર્ડાઈઝેશનનો અભાવ, ક્લિયરન્સ પડકાર જેવી લાંબી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરશે.

## ગતિ શક્તિ ડિજિટલ પ્લેટફોર્મ

તેમા એક છત્ર પ્લેટફોર્મની રચનાનો સમાવેશ થાય છે, જેના દ્વારા વિવિધ મંત્રાલયો/વિભાગો વચ્ચે વાસ્તવિક સમય સંકલન દ્વારા માળખાગત પ્રોજેક્ટ્સનું નિર્માણ અને અસરકારક રીતે અમલ કરી શકાય છે.

## અપેક્ષિત પરિણામ

આ યોજના હાલના અને સૂચિત કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સના મેપિંગમાં મદદ કરશે.

- આ સાથે દેશના વિવિધ પ્રદેશો અને ઔદ્યોગિક કેન્દ્રોને જોડવાની યોજના પણ તેમના દ્વારા સ્પષ્ટ થશે.
- એક સાકલ્યવાદી અને સંકલિત પરિવહન જોડાણ વ્યૂહરચના 'મેક ઈન ઈન્ડિયા'ને ટેકો આપશે અને પરિવહનની વિવિધ રીતોને એકીકૃત કરશે.
- આ યોજનાથી ભારતને વિશ્વની વેપાર રાજધાની બાનાવવામાં મદદ મળશે.

## સંકલિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની જરૂરિયાત

સમન્વયના અભાવ અને વિસ્તૃત માહિતી વહેંચણીને કારણે મેક્રો પ્લાનિંગ અને માઈક્રો અમલીકરણ વચ્ચે વિશાળ અંતર અસ્તિત્વમાં છે, કારણ કે વિભાગો ઘણીવાર અલગતાની સ્થિતિમાં કામ કરે છે.

- એક અભ્યાસ મુજબ ભારતમાં લોજિસ્ટિક્સનો ખર્ચ જીડીપીના લગભગ 13% છે, જે વિકસિત દેશો કરતા વધારે છે.
- આ લોજિસ્ટિક ખર્ચને કારણે ભારતની નિકાસ સ્પર્ધાત્મકતામાં પણ ઘટાડો થયો છે.
- આ યોજનાનું અમલીકરણ 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (NMP) સાથે સંકલનમાં કરવામાં આવશે.
- 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (NMP) મુદ્રીકરણ માટે સ્પષ્ટ માળખું પૂરું પાડવા અને સંભવિત રોકાણકારોને વધુ સારૂ વળતર પેદા કરવા માટે સંપત્તિની યાદી બનાવવા માટે શરૂ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પાવર ફાઈનાન્સ કોર્પોરેશનને ‘મહારત્ન’નો દરજ્જો

તાજેતરમાં કેન્દ્ર સરકારે સરકારી માલિકીની ‘પાવર ફાઈનાન્સ કોર્પોરેશન’ (Power Finance Corporation- PFC)ને ‘મહારત્ન’નો દરજ્જો આપ્યો છે.

- નાણાં મંત્રાલય હેઠળના ‘જાહેર સાહસ વિભાગ’ દ્વારા આ સંબંધિત આ અદેશ જાહેર કરવામાં આવ્યો છે.
- પાવર ફાઈનાન્સ કોર્પોરેશન ‘મહારત્ન’ કંપનીઓની પ્રતિષ્ઠિત શ્રેણીમાં પ્રવેશ કરનાર દેશની 11મી સરકારી માલિકીની સંસ્થા બની છે.

### પાવર ફાઈનાન્સ કોર્પોરેશન (PFC)

વર્ષ 1986માં સ્થપાયેલ ‘પાવર ફાઈનાન્સ કોર્પોરેશન’ (PFC) પાવર મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળના વીજ ક્ષેત્ર માટે સમર્પિત વ્યાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપની છે.

- તે ભારતમાં વીજ ક્ષેત્રની આર્થિક કરોડરજ્જુ છે.

### કઈ કંપનીને મહારત્નનો દરજ્જો મળે છે ?

મહારત્નનો દરજ્જો એવી કંપનીને આપવામાં આવે છે જેણે સતત ત્રણ વર્ષ માટે રૂ. 5000 કરોડ થી વધુનો ચોખ્ખો નફો નોંધવ્યો હોય અથવા સત ત્રણ વર્ષ સુધી સરેરાશ રૂ. 25,000 કરોડનું ટર્નઓવર નોંધ્યુ હોય.

- આ દરજ્જો મેળવવા માટે કંપની પાસે ત્રણ વર્ષ માટે સરેરાશ 15,000 કરોડ રૂપિયાની વાર્ષિક નેટવર્થ હોવી જોઈએ.

### મહત્વ

‘મહારત્ન’ કંપનીનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નાણાકીય સંયુક્ત સાહસો અને સંપૂર્ણ પેટાકંપની એકમોમાં ઈક્વિટી રોકાણ અંગે નિર્ણય કરી શકે છે.

- આ ઉપરાંત દેશમાં અને વિદેશમાં મર્જર અને એક્વિઝિશન અંગે પણ નિર્ણય લઈ શકે છે.
- પાવર ફાઈનાન્સ કોર્પોરેશન એક જ પ્રોજેક્ટમાં 5000 કરોડ રૂપિયા અથવા તેની નેટવર્થના 15% સુધી રોકાણ કરી શકે છે.
- મહારત્ન દરજ્જો આપવામાં આવેલી સત્તાઓ ‘પાવર ફાઈનાન્સ કોર્પોરેશન’ને નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન હેઠળ સરકારના ધિરાણના એજન્ડાના આગળ વધારવામાં મદદ કરશે.
- તેમજ 2030 સુધીમાં 40% ગ્રીન એનર્જીની રાષ્ટ્રીય પ્રતિબધ્ધતા અને 3 લાખ કરોડથી વધુના ખર્ચ સાથે નવી સુધારેલી વિતરણ વિસ્તાર યોજનાની અસરકારક દેખરેખ અને અમલીકરણમાં પણ મદદ કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની 11 મહારત્ન કંપની

| ક્રમ | કંપની |
|---|---|
| 1 | ભારત હેવી ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BHEL) |
| 2 | ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) |
| 3 | કોલ ઈન્ડિયા લિમિટેડ (CIL) |
| 4 | ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL) |
| 5 | હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) |
| 6 | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) |
| 7 | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) |
| 8 | ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) |
| 9 | પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા |
| 10 | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (SAIL) |
| 11 | પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'આંતરરાષ્ટ્રીય ઈ–વેસ્ટ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 ઓક્ટોબર (B) 13 ઓક્ટોબર (C) 14 ઓક્ટોબર (D) 15 ઓક્ટોબર **(C)**

2. 'વિશ્વ માનક દિવસ' અથવા તો 'World Standards Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 ઓક્ટોબર (B) 13 ઓક્ટોબર (C) 14 ઓક્ટોબર (D) 15 ઓક્ટોબર **(C)**

3. તાજેતરમાં કોને વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી અમિત ખરે (B) શ્રી અજય કુમાર (C) શ્રી અરૂણ ગોયલ (D) શ્રી રાજેશ વ્યાસ **(A)**

4. તાજેતરમાં ભારત સરકારે લોન્ચ કરેલી પ્રધનમંત્રી ગતિ શક્તિ યોજના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ જમીની સ્તર પરના કામને વેગ આપવા, ખર્ચ ઘટાડવા અને રોજગાર ઉત્પન્ન કરવા પર ધ્યન કેન્દ્રીત કરીને આગામી ચાર વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું સંકલિત આયોજન અને અમલીકરણ સુનિશ્ચિત કરવાનો છે.
2. તે 11 ઔદ્યોગિક કોરિડોર અને બે નવા સંરક્ષણ કોરિડોર (એક તમિલનાડુ અને બીજો ઉત્તરપ્રદેશમાં) બનાવવાનું લક્ષ્ય ધરાવે છે.
3. આ યોજના અંતર્ગત વર્ષ 2024-25 માટે સરકાર દ્વારા નિર્ધારિત મહત્વાકાંક્ષી લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરશે, જેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્કની લંબાઈ વધારવી, 200 થી વધુ નવા એરપોર્ટ વગેરેનો સમાવેશ થાય છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1,2 અને 3 **(D)**

5. નીચેનામાંથી કઈ કંપનીને તાજેતરમાં 'મહારત્ન' કંપનીનો દરજ્જો મળ્યો છે ?


(A) ઈન્ટરગ્લોબ એવિશન લિમિટેડ (B) પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ

(C) ચેન્નાઈ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (D) કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 15 ઓક્ટોબર, (1) વિશ્વ વિદ્યાર્થી દિવસ (World Student's Day)
## (2) આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ (International Day of Rural Women)

### વિશ્વ વિદ્યાર્થી દિવસ




ભારતમાં <u>ડો. એ.પી.જે અબ્દુલ કલામ</u>નો જન્મ દિવસ <u>15 ઓક્ટોબર</u> '<u>વિશ્વ વિદ્યાર્થી દિવસ</u>' તરીકે ઉજવાય છે.

- એવું કહેવાય છે કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2010માં આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- પરંતુ વાસ્તવમાં યુનાઈટેડ નેશન્સ દ્વારા 'World Stundents Day' નામના કોઈ દિવસની ઉજવણી કરવામાં આવતી જ નથી.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા 15 ઓક્ટોબરના રોજ ફક્ત '<u>International Day of Rural Women</u>'ની જ ઉજવણી કરવામાં આવે છે, 'World Student's Day'ની નહીં.
- આ ઉપરાંત 15 ઓક્ટોબરના રોજ ફક્ત ભારતમાં જ '<u>વિશ્વ વિદ્યાર્થી દિવસ</u>'ની ઉજવણી કરવામાં આવે છે.
- દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલ મેન તરીકે જાણીતા <u>ડો. એ.પી.જે. અબ્દુલ કલામ</u>નો જન્મ <u>15 ઓક્ટોબર, 1931</u>ના રોજ <u>તમિલનાડુના રામેશ્વરમ</u> ખાતે થયો હતો.
- ડો. એ.પી.જે અબ્દુલ કલામનું પૂરું નામ '<u>અબુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ</u>' હતું.
- મિસાઈલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ યોગદાનના કારણે તેઓ '<u>મિસાઈલ મેન</u>' તરીકે જાણીતા હતા.
- તેમણે ભારતના 11મા રાષ્ટ્રપતિ તરીકે વર્ષ <u>2002 થી 2007</u> સુધી સેવા આપી હતી.
- રાષ્ટ્ર નિર્માણના તેમના પ્રયત્નો બદલ તેમને '<u>ભારત રત્ન</u>' (1997), '<u>પદ્મ ભૂષણ</u>' (1981), '<u>પદ્મ વિભૂષણ</u>' (1990)થી સન્માનિત કરવામાં આવ્યા છે.

### ડો. એ.પી.જે અબ્દુલ કલામ પ્રેરણા સ્થળ

15 ઓક્ટોબર, 2021ના રોજ ડો. એ.પી.જે અબ્દુલ કલામ પ્રેરણા સ્થળનું ઉદ્દ્ઘાટન '<u>નેવલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી લેબોરેટરી</u>' (NSTL) વિશાખાપટ્ટનમ ખાતે કરવામાં આવ્યું છે.

- આ પ્રેરણા સ્થળનું ઉદ્દ્ઘાટન ડો. એ.પી.જે અબ્દુલ કલામની <u>90મી</u> જન્મ જયંતિ તેમજ '<u>આઝાદી કા અમૃત મહોત્સવ</u>'ના ભાગરૂપે કરવામાં આવ્યું છે.
- આ પ્રસંગે ડો. એ.પી.જે અબ્દુલ કલામ સરની પ્રતિમાનું અનાવરણ DRDOના નેવલ સિસ્ટમ્સ એન્ડ મટીરિયલ્સના ડિરેક્ટર જનરલ <u>ડો. સમીર.વી. કામતે</u> કર્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# GLOBAL HUNGER INDEX (GHI) 2021માં ભારત 101માં ક્રમે



તાજેતરમાં 14 ઓક્ટોબર, 2021ના રોજ આયર્લેન્ડની Concern WorldWide અને જર્મનીની Welt Hunger Hilfe દ્વારા વર્ષ 2021નો ગ્લોબલ હંગર ઈન્ડેક્સ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કુલ 116 દેશોમાં ભારત 101માં ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં ભારત વર્ષ 2020માં 94મા ક્રમે હતું.
- જ્યારે વર્ષ 2019માં ભારત 102માં ક્રમે હતું

## વર્ષ 2021માં પ્રથમ અને અંતિમ ક્રમ

વર્ષ 2021ના આ ઈન્ડેક્સમાં બેલારુસ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, બ્રાઝિલ, ચીલી, ચીન, ક્યુબા, કુવૈત સહિતના કુલ 18 દેશોનો પ્રથમ ક્રમે સમાવેશ થાય છે.

- પ્રથમ ક્રમે આ 18 દેશો બાદ આર્જેન્ટિના અને કોસ્ટા રિકા 19મા ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં કુલ 18 દેશોનો સમાવેશ થયો છે. આથી, આ 18 દેશોને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે.
- પંરતુ ત્યારબાદ કોઈ દેશને બીજો, ત્રીજો કે ચોથો ક્રમ આપવામાં આવ્યો નથી.
- તેની જગ્યાએ પ્રથમ ક્રમે કુલ 18 દેશો હોવાથી પ્રથમ ક્રમ બાદ સીધા 19મા ક્રમે આર્જેન્ટિના અને કોસ્ટા રિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વર્ષ 2021ના આ ઈન્ડેક્સમાં સોમાલિયા (Somalia) અંતિમ 116મા ક્રમે છે.

## Global Hunger Index 2021 Rank

| Rank | Country |
|---|---|
| 1 | બેલારુસ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, બ્રાઝિલ, ચીલી, ચીન, ક્રોએશિયા, ક્યુબા, એસ્ટોનિયા, કુવૈત, લાટવિયા, લિથુઆનિયા, મોન્ટેનેગ્રો, ઉત્તર મેસેડોનિયા,રોમાનિયા, સર્બિયા, સ્લોવાક રિપબ્લિક, તુર્કી, ઉરૂગ્વે |
| 19 | આર્જેન્ટિના, કોસ્ટા રિકા |
| 21 | ઉઝબેકિસ્તાન |
| 65 | શ્રીલંકા |
| 71 | મ્યાનમાર |
| 76 | નેપાળ, બાંગ્લાદેશ |
| 92 | પાકિસ્તાન |
| 101 | ભારત |
| 103 | અફઘાનિસ્તાન |
| 116 | સોમાલિયા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારતનો GHI સ્કોર પણ નીચે આવી ગયો છે. વર્ષ 2021ના ભૂખમરાને લાગતા આ ઈન્ડેક્સમાં ભારતને 27.5 અંક મળ્યા છે.
- આ અંક ભારતમાં કુપોષણની 'ગંભિર' (Serious) સ્થિતિ દર્શાવે છે.

### ઈન્ડેક્સના માપદંડ

મુખ્ય ચાર માપદંડોને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે :

(1) ઓછુ પોષણ

(2) પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઊંચાઈના પ્રમાણમાં વજન

(3) પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઉંમરના પ્રમાણમાં ઓછી ઊંચાઈ

(4) બાળ મૃત્યુદર

નોંધ : (1) ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI)ની શરૂઅમત વર્ષ 2006માં IFPRI (International Food Policy Research Institute) દ્વારા કરવામાં આવી હતી.

(2) વર્ષ 2021માં તેની 16મી આવૃત્તિ હતી.

(3) ભારતે વર્ષ 2030 સુધીમાં 'Zero Hunger'નો લક્ષ્યાંક રાખ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Medical Termination of Pregnancy

તાજેતરમાં સરકારે 'મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નેન્સી (એમેન્ડમેન્ટ) એક્ટ, 2021' હેઠળ નવા નિયમો સુચિત કર્યા છે.

- મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નેન્સી (MPT) એક્ટ, 1971માં સુધારો કરવા માટે 2021 એક્ટ પસાર કરવામાં આવ્યો હતો.

### નવા નિયમો વિશે

નવા નિયમો હેઠળ ભારતમાં મહિલાઓની અપવાદરૂપ કેટેગરીઓ માટે સગર્ભાવસ્થા સમાપ્ત કરવાની એટલે કે ગર્ભપાતની મર્યાદા 20 થી 24 અઠવાડિયા સુધી વધારી દેવામાં આવી છે.

- જે મહિલાઓ માટે મર્યાદા વધારવામાં આવી છે તેની અલગ–અલગ સાત કેટેગરી નક્કી કરવામાં આવી છે :

(1) જાતીય હુમલો અથવા બળાત્કારની ઘટનામાં

(2) સગીર

(3) વિધવાપણું અને છૂટા છેડા જેવા સંજોગો, એટલે કે વૈવાહિક સ્થિતિમાં ફેરફાર સમયે ગર્ભવસ્થા

(4) શારીરિક રીતે વિકલાંગ મહિલાઓ

(5) માનસિક રીતે બીમાર સ્ત્રીઓ

(6) ગર્ભની ખોડખાંપણ જેમા બાળક અસામાન્ય હોવાનો નોંધપાત્ર ખતરો હોય છે. અથવા બાળક જન્મ પછી ગંભીર શારીરિક અથવા માનસિક વિકૃતિનો ભોગ બની શકે છે.

(7) જટિલ માનવતાવાદિ પરિસ્થિતિઓ, આપત્તિઓ અથવા ઈમર્જન્સિ દરમિયાન ગર્ભાવસ્થા વાળી મહિલાઓ.

## રાજ્ય સ્તરનું મેડિકલ બોર્ડ

ગર્ભની ખોડખાંપણના કેસોમાં 24 અઠવાડિયા પછી ગર્ભાવસ્થા સમાપ્ત કરી શકાય નહીં તે નક્કી કરવા માટે રાજ્ય સ્તરનું મેડિકલ બોર્ડ રચવામાં આવશે.

- મેડિકલ બોર્ડ વિનંતી પ્રાપ્ત થયાની તારીખથી ત્રણ દિવસની અંદર ગર્ભાવસ્થાના તબીબી સમાપ્તિ (ગર્ભપાત) માટેની દરખાસ્તને સ્વીકારવી કે નકારવી પડશે.
- બોર્ડ દ્વારા વિનંતી પ્રાપ્ત થયાના પાંચ દિવસની અંદર ગર્ભપાતની પ્રક્રિયા કરવી આવશ્યક છે.

નોંધ : (1) અગાઉ ગર્ભાવસ્થાના 12 અઠવાડિયા સુધી ગર્ભપાત માટે ડોક્ટરોનો અભિપ્રાય જરૂરી હતો.

(2) 12 થી 20 સપ્તાહ વચ્ચેના ગર્ભપાત માટે ડોક્ટોરોની સલાહ લેવી પડતી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

2. ભારતમાં કોનો જન્મદિન 15 ઓક્ટોબર 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) ડો. રાજેન્દ્ર પ્રસાદ (B) ડો. એ.પી.જે. અબ્દુલ કલામ

(C) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (D) શ્રી રવીન્દ્રનાથ ટાગોર (B)

3. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય ગ્રામિણ મહિલા દિવસ' અથવા તે 'International Day of Rural Women'તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

4. 'ગ્લોબલ હેન્ડવોશિંગ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર (C)

5. 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2021'માં ભારત કયા ક્રમે છે ?

(A) 96મા (B) 97મા (C) 99મા (D) 101મા (D)

6. આ અગાઉ પ્રસિધ્ધ થયેલા 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2020'માં ભારત કયા ક્રમે હતું ?

(A) 94મા (B) 96મા (C) 102મા (D) 103મા (A)

7. 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2020'માં પ્રથમ ક્રમે કુલ કેટલા દેશોનો સમાવેશ થાય છે ?

(A) 17 (B) 18 (C) 19 (D) 20 (B)

8. 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2021'માં અંતિમ 116મા ક્રમે કયો દેશ છે ?

(A) ચાડ (B) સુદાન (C) યમન (D) સોમાલિયા (D)

9. તાજેતરમાં સરકારે 'મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નેન્સી (એમેન્ડમેન્ટ) એક્ટ, 2021' હેઠળ નવા નિયમો સૂચિત કર્યા છે. આ અંતર્ગત ભારતમાં મહિલાઓની અપવાદરૂપ કેટેગરી માટે સગર્ભાવસ્થા સમાપ્ત કરવાની એટલે કે ગર્ભપાતની મર્યાદા 20 થી વધારીને _____ અઠવાડિયા સુધી વધારી દેવામાં આવી છે.

(A) 24 (B) 26 (C) 28 (D) 30 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 16 ઓક્ટોબર, (1) વિશ્વ ખાદ્ય દિન (World Food Day)
# (2) વિશ્વ એનેસ્થેસિયા દિવસ (World Anaesthesia Day)

## વિશ્વ ખાદ્ય દિવસ

સમગ્ર વિશ્વમાં ખાદ્ય સુરક્ષા તથા ખાદ્યની પહોંચ સુનિશ્ચિત કરવા માટે દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- 16 ઓક્ટોબર, 1945ના રોજ યુનાઈટેડ નેશન્સની 'Food and Agriculture Organization'નામની સંસ્થાની સ્થાપના થઈ હતી.
- આથી આ દિવસની યાદમાં 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 150 થી વધુ દેશોમાં 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## BSF અધિકારક્ષેત્રનું વિસ્તરણ

તાજેતરમાં ગૃહ મંત્રાલયે આસામ, પશ્ચિમ બંગાળ અને પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદથી 50 કિ.મી સુધી જપ્તી, તલાશી અને ધરપકડ માટે 'બોર્ડર સિક્યુરીટી ફોર્સ' (BSF)ના અધિકાર ક્ષેત્રને વિસ્તારવા માટે એક જાહેરનામું બહાર પાડ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આદેશ વિશે



આ જાહેરનામું 'BSF Act, 1968' હેઠળ 2014ના આદેશને બદલશે, જેમાં મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયનો પણ સમાવેશ થાય છે.

- તેમા ખાસ કરીને બે નવા સર્જિત કેન્દ્રશાસિત પ્રદેશો 'જમ્મુ–કાશ્મીર' અને લદ્દાખનો પણ સમાવેશ થાય છે.
- જે ઉલ્લંઘનોમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ તલાશી અને જપ્તિની કામગીરી કરે છે તેમાં નાર્કોટિક્સની દાણચોરી, અન્ય પ્રતિબંધિત વસ્તુઓની દાણચોરી, વિદેશીઓની ગેરકાયદેસર એન્ટ્રી અને સેન્ટ્રલ એક્ટ હેઠળ શિક્ષાપાત્ર અન્ય ગુનાઓનો સમાવેશ થાય છે.
- કોઈ શંકાસ્પદની અટકાયત કર્યા પછી અથવા નિયુક્ત વિસ્તારમાં જથ્થો પ્રાપ્ત કર્યા પછી BSF માત્ર 'પ્રાથમિક પૂછપરછ' કરી શકે છે અને 24 કલાકની અંદર શંકાસ્પદને સ્થાનિક પોલીસને સોંપવો જરૂરી છે.
- નોંધનીય છે કે BSF પાસે શંકાસ્પદ સામે કેસ ચલાવવાની સત્તા નથી.

### આ નિર્ણય કેમ લેવામાં આવ્યો ?

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર સરહદ પારથી ડ્રોન દ્વારા હથિયારોનો જથ્થો મોકલવાની ઘટનાઓના કારણે BSFના અધિકાર ક્ષેત્રને વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- આ નિર્ણય 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય સુરક્ષાને લગતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવામાં મદદ કરશે.

## યુધ્ધ અભ્યાસ 2021 (Yudh Abhyas 2021) : ભારત-અમેરિકા

ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય લશ્કરી સહકારને વધુ ગાઢ બનાવવા 15 ઓક્ટોબર, 2021થી અલાસ્કા (અમેરિકા)માં 15 દિવસની મેગા લશ્કરી કવાયત 'યુધ્ધ અભ્યાસ' શરૂ થયો છે.

- આ સંયુક્ત કવાયત 'યુધ્ધ અભ્યાસ'ની 17મી આવૃત્તિ છે, જે બંને દેશો વચ્ચે એકાંતરે હાથ ધરવામાં આવે છે.
- ભારતીય પક્ષ તરફથી ભાગ લેનાર ટીમનાં થલસેના બટાલિયનના 350 સૈનિકોનો સમાવેશ થાય છે.
- નોંધનીય છે કે 'યુધ્ધ અભ્યાસ' (Yudh Abhyas) ભારત અને અમેરિકા વચ્ચે સૌથી મોટું સંયુક્ત લશ્કરી તાલીમ અને સંરક્ષણ સહયોગ છે.
- આ કવાયતની અગાઉની આવૃત્તિ ફેબ્રુઆરી 2021માં રાજસ્થાનના બિકાનેરમાં 'મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ' ખાતે આથ ધરવામાં આવી હતી.
- આ કવાયત બંને દેશો વચ્ચે વધતા લશ્કરી સહયોગનું બીજું મહત્વનું પગલું છે.
- આ કવાયતનો ઉદ્દેશ બંને સેનાઓ વચ્ચે સમજણ, સહકાર અને આંતર–કાર્યક્ષમતા વધારવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IPL- 2021માં ચેન્નાઈ સુપર કિંગ્સ ચેમ્પિયન

9 એપ્રિલ થી 2 મે અને 19 સપ્ટેમ્બર થી 15 ઓક્ટોબર 2021 દરમિયાન IPLની 14મી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.




- નોંધનીય છે કે વર્ષ 2021માં IPLની 14મી સિઝન ભારતમાં 9 એપ્રિલના રોજ શરૂ થઈ હતી પરંતુ 2 મે બાદ કોરોના મહામારીના કારણે IPL વચ્ચેથી જ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી હતી.
- ત્યારબાદ બાકીની મેચો યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના ત્રણ શહેરો દુબઈ, શારજાહ અને અબુધાબીમાં 19 સપ્ટેમ્બર થી 15 ઓક્ટોબર દરમિયાન યોજાઈ હતી.
- આ ટુર્નામેન્ટમાં કુલ 8 ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં IPLની ફાઈનલ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને 27 રનથી હરાવી ચેન્નાઈ સુપર કિંગ્સે ચોથી વખત આ ટુર્નામેન્ટ જીતી લીધી છે.

## સૌથી વધુ વખત IPL વિજેતા ટીમ

| ક્રમ | ટીમનું નામ | કેટલી વખત વિજેતા |
|---|---|---|
| 1 | મુંબઈ ઈન્ડિયન્સ | 5 |
| 2 | ચેન્નાઈ સુપર કિંગ્સ | 4 |
| 3 | કોલકાતા નાઈટ રાઈડર્સ | 2 |

નોંધ : IPL 2021ની ચેમ્પિયન ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટનનું નામ શ્રી મહેન્દ્રસિંઘ ધોની છે.

## IPL 2021ની ફાઈનલ મેચ

IPLની ફાઈનલ મેચ દુબઈના દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.

- આ ફાઈનલ મેચમાં 86 રન ફટકારનાર ચેન્નાઈ સુપર કિંગ્સના ખેલાડી શ્રી ડુ પ્લેસીસ 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા.

નોંધ : શ્રી ડુ પ્લેસીસ સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ક્રિકેટર છે.

## મેન ઓફ ધ સિરિઝ 2021

IPL 2021માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ફાસ્ટ બોલર શ્રી હર્ષલ પટેલ 'પ્લેયર ઓફ ધ સિરિઝ' જાહેર થયા હતા.

- IPL 2021માં તેમણે 32 વિકેટ ઝડપી હતી.

## IPL 2021 એવોર્ડ

આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 635 રન બનાવનાર ચેન્નાઈ સુપર કિંગ્સના ખેલાડી શ્રી ઋતુરાજ ગાયકવાડને સૌથી વધુ રન માટેનો ઓરેન્જ કેપ એવોર્ડ એનાયત થયો હતો.

- જ્યારે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 32 વિકેટ ઝડપનાર રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના શ્રી હર્ષલ પટેલને સૌથી વધુ વિકેટ માટેનો પર્પલ કેપ એવોર્ડ એનાયત થયો હતો.



## IPL 2021ના ખૂબ જ મહત્ત્વના એવોર્ડ અને અચિવમેન્ટ

| ક્રમ | એવોર્ડ | વિજેતા ખેલાડી/ટીમ | ટીમનું નામ |
|---|---|---|---|
| 1 | રનર્સ ઓફ IPL 2021 | કોલકાતા નાઈટ રાઈડર્સ | – |
| 2 | મેન ઓફ મેચ (ફાઈનલ) | શ્રી ડુપ્લેસીસ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| 3 | મેન ઓફ ધ સિરિઝ તથા મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | શ્રી હર્ષલ પટેલ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| 4 | ઓરેન્જ કેપ (સૌથી વધુ રન માટે) | શ્રી ઋતુરાજ ગાયકવાડ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| 5 | પર્પલ કેપ (સૌથી વધુ વિકેટ માટે) | શ્રી હર્ષલ પટેલ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| 6 | PAYTM ફેયરપ્લે એવોર્ડ | – | રાજસ્થાન રોયલ્સ |
| 7 | VIVO સિઝનનો પરફેક્ટ કેચ | શ્રી રવિ બિશ્નોઈ | પંજાબ કિંગ્સ |
| 8 | Dream 11 ગેમ ચેન્જર ઓફ ધ સિઝન | શ્રી હર્ષલ પટેલ | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| 9 | Safari સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સિઝન | શ્રી શિમરોન હેટમાયર | દિલ્હી કેપિટલ |
| 10 | સૌથી વધુ સિક્સરનો એવોર્ડ | શ્રી. કે.એલ. રાહુલ | પંજાબ કિંગ્સ |
| 11 | પાવર પ્લેયર ઓફ ધ સિઝન | શ્રી વેંકટેશ ઐયર | કોલકાતા નાઈટ રાઈડર્સ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## IPL

IPL નું પૂરું નામ 'ઈન્ડિયન પ્રીમિયર લીગ' છે. IPLએ ભારતની પ્રોફેશનલ T-20 લીગ છે.

- BCCI દ્વારા IPLની સ્થાપના કરવામાં આવી હતી.
- IPLની સ્થાપનામાં શ્રી લલિત મોદીની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી લલિત મોદીના વિચારથી જ ભારતમાં IPLની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ IPLના પ્રથમ ચેરમેન અને કમિશનર હતા.
- IPLની પ્રથમ ટુર્નામેન્ટ વર્ષ 2008માં યોજાઈ હતી. વર્ષ 2008થી દર વર્ષ એપ્રિલ–મે દરમિયાન ભારતમાં આ ટુર્નામેન્ટ યોજાય છે.
- વર્ષ 2008માં યોજાયેલી IPLની પ્રથમ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમનું નામ રાજસ્થાન રોયલ્સ છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ પાંચ વખત આ ટુર્નામેન્ટ વિજેતા ટીમનું નામ મુંબઈ ઈન્ડિયન્સ છે.
- IPLનું સંચાલન BCCI દ્વારા કરવામાં આવે છે.
- BCCIનું પૂરું નામ 'બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા' છે.

## IPL ટુર્નામેન્ટ વિજેતા ટીમ

| ક્રમ | વર્ષ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| પ્રથમ | 2008 | રાજસ્થાન રોયલ્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| દસમી | 2017 | મુંબઈ ઈન્ડિયન્સ | રાઈઝિંગ પૂણે સુપર જાયન્ટ |
| અગિયારમી | 2018 | ચેન્નાઈ સુપર કિંગ્સ | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| બારમી | 2019 | મુંબઈ ઈન્ડિયન્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| તેરમી | 2020 | મુંબઈ ઈન્ડિયન્સ | દિલ્હી કેપિટલ્સ |
| ચૌદમી | 2021 | ચેન્નાઈ સુપર કિંગ્સ | કોલકાતા નાઈટ રાઈડર્સ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. 'વિશ્વ ખાદ્ય દિવસ' અથવા તો 'World Food Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર (B)

2. 'વિશ્વ એનેસ્થેસિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર (B)

3. તાજેતરમાં ગૃહ મંત્રાલયે BSFના અધિકાર ક્ષેત્રનું વિસ્તરણ કર્યુ છે આ અંતર્ગત BSF આસામ, પ.બંગાળ અને પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદથી ______ કિ.મી સુધી જપ્તી, તલાશ અને ધરપકડ કરી શકાશે.

(A) 50 (B) 70 (C) 90 (D) 100 (A)

4. 'યુધ્ધ અભ્યાસ, 2021' (Yudh Abhyas 2021)નામની લશ્કરી કવાયત કયા બે દેશ વચ્ચે યોજાઈ હતી ?

(A) ભારત–બાંગ્લાદેશ (B) ભારત–માલદીવ (C) ભારત–ફ્રાન્સ (D) ભારત–અમેરિકા (D)

5. વર્ષ 2021 દરમિયાન IPLની કેટલામી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું ?

(A) 13મી (B) 14મી (C) 15મી (D) 16મી (B)

6. IPL 2021માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?

(A) 6 (B) 10 (C) 7 (D) 8 (D)

7. IPL 2021 વિજેતા ટીમનું નામ શું છે ?

(A) સનરાઈઝર્સ હૈદરાબાદ (B) મુંબઈ ઈન્ડિયન્સ

(C) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (D) ચેન્નાઈ સુપર કિંગ્સ (D)

8. IPL 2021ની ફાઈનલ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે કઈ ટીમને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી હતી ?

(A) કોલકાતા નાઈટ રાઈડર્સ (B) સનરાઈઝર્સ હૈદરાબાદ

(C) દિલ્હી કેપિટલ્સ (D) કિંગ્સ ઈલેવન પંજાબ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. IPL 2021ની ફાઈનલ મેચ કયા ગ્રાઉન્ડ પર યોજાઈ હતી ?

(A) શારજાહ ક્રિકેટ સ્ટેડિયમ
(B) શેખ ઝાયદ ક્રિકેટ સ્ટેડિયમ
(C) દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ
(D) ત્રણેયમાંથી એકપણ નહીં

(A)

10. IPL 2021ની ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ જણાવો ?

(A) શ્રી ડુ પ્લેસીસ (B) શ્રી ઉથ્થપા (C) શ્રી વી. ઐયર (D) શ્રી સુનીલ નરીન

(A)

11. IPL 2021માં મેન ઓફ ધ સીરિઝ (અથવા પ્લેયર ઓફ ધ સીરિઝ) અથવા તો મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી રિષભ પંત (B) શ્રી હર્ષલ પટેલ (C) શ્રી ડુ પ્લેસીસ (D) શ્રી વી. ઐયર

(B)

12. IPL 2021માં સૌથી વધુ રન માટેનો ઓરેન્જ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી વિરાટ કોહલી
(B) શ્રી મહેન્દ્રસિંઘ ધોની
(C) શ્રી ઋતુરાજ ગાયકવાડ
(D) શ્રી કે.એલ. રાહુલ

(C)

13. IPL 2021માં સૌથી વધુ વિકેટ માટેના પર્પલ કેપ એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી શેન વોટ્સન (B) શ્રી સુનીલ નરીન (C) શ્રી રિષભ પંત (D) શ્રી હર્ષલ પટેલ

(D)

14. IPL નું પૂરું નામ શું છે ?

(A) ઈન્ડિયન પ્રાઈવેટ લીગ
(B) ઈન્ડિયન પ્રો લીગ
(C) ઈન્ડિયન પ્રીમિયર લીગ
(D) ઈન્ડિયન પ્રીમિયમ લીગ

(C)

15. BCCI દ્વારા IPLની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન ક્યારે થયું હતું ?

(A) 2005 (B) 2006 (C) 2007 (D) 2008

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **ડેનમાર્કના વડાપ્રધાનશ્રીએ નવી દિલ્હી ખાતે આવેલ 'ગરવી ગુજરાત ભવન'ની મુલાકાત લીધી.**
ડેનમાર્ક વડાપ્રધાન શ્રી મેટ ફ્રેડરિકસન ભારતની મુલાકાતે આવ્યા છે. આ દરમિયાન તેમણે દિલ્હી ખાતે સ્થિત 'ગરવી ગુજરાત ભવન'ની મુલાકાત લીધી હતી. અહીં ગુજરાત સરકારે પરંપરાગત સંગીતકારો સાથે ગરબા અને દાંડિયા રાસનું આયોજન કરીને આ ભવનમાં તેમનું સ્વાગત કર્યુ હતું. વર્ષ 2019માં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવી દિલ્હી ખાતે ગુજરાતના રાજ્યભવન 'ગરવી ગુજરાત ભવન'નું લોકાપર્ણ કર્યુ હતું. ભારતની રાજધાની દિલ્હીમાં નિર્માણ પામેલું આ પ્રથમ ઈકો–ફ્રેન્ડલી રાજ્યભવન છે. તે દિલ્હીના અકબર રોડ ખાતે આવેલું છે. રાજસ્થાનના ધોલપુરના પથ્થરોથી આ 7 માળના નયનરમ્ય ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં વિવિધ થીમ આધારિત 78 કે 79 રૂમ, 2000 લોકો એક સાથે બેસી શકે એટલો મોટો હોલ, યોગ અને જિમ તથા લાઈબ્રેરી, રેસ્ટોરન્ટ, ડાઈનિંગ હોલ, ટેરેસ ગાર્ડન અને મ્યુઝિયમ ગેલેરી જેવી વગેરે સુવિધાથી સજ્જ છે.

➤ **કેપિટલ રેલવે સ્ટેશન-ગાંધીનગર ખાતે શ્રી અમિતભાઈ શાહના હસ્તે 'ટી સ્ટોલ'નું લોકાર્પણ**
કેપિટલ રેલવે સ્ટેશન ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે માટીકામ સાથે સંકળાયેલા મહિલા સ્વ–સહાય જૂથ સંચાલિત 'ટી–સ્ટોલ'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. માટીકામ સાથે સંકળાયેલા મહિલા સ્વ–સહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવેલા ચા માટેની કુલડી સહિતના કપ અને વિવિધ માટીના આર્ટિકલ ખરીદવાની વ્યવસ્થા કરીને મહિલાઓને વધુ આત્મનિર્ભર બનાવવામાં આવશે. નોંધનીય છે કે આ ટી સ્ટોલ પર માટીની કુલડીમાં ચા અપાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રવ્યાપી નદી પશુપાલન કાર્યક્રમ**
કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ 8 ઓક્ટોબર, 2021ના રોજ 'રાષ્ટ્રવ્યાપી નદી પશુપાલન કાર્યક્રમ' (River Ranching Programme)નો શુભારંભ કરાવ્યો છે. આ કાર્યક્રમ ઉત્તરપ્રદેશના બૃજઘાટ, ગઢ મુક્તેશ્વર ખાતેથી શરૂ કરવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશની સાથે અન્ય 4 રાજ્યો ઓડિશા, ઉત્તરાખંડ, ત્રિપુરા અને છત્તીસગઢે પણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમના શુભારંભમાં લગભગ 500 લોકોએ ભાગ લીધો હતો. ઉત્તરાખંડના હરિદ્વાર જિલ્લામાં ગંગાનદીના ચંડી ઘાટ પર 1 લાખ ફિંગરલિંગ્સ (એક પ્રકારની માછલી) ઉછેરવામાં આવી હતી. નદી પશુપાલન કાર્યક્રમ 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' (PMMSY) યોજના અંતર્ગત શરૂ કરવામાં આવ્યો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ જમીન અને પાણીનો ઉત્પાદક રીતે વિસ્તરણ ઉંડાણ વૈવિધ્યકરણ અને ઉપયોગ કરીને માછલીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવાનો છે.

### ➤ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (National Human Right Commission)

'રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ' (NHRC)નો 28મો સ્થાપના દિવસ 12 ઓક્ટોબર, 2021ના રોજ ઉજવવામાં આવ્યો હતો. નોંધનીય છે કે 'રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ' એક સ્વતંત્ર વૈધાનિક સંસ્થા છે, જેની સ્થાપના 12 ઓક્ટોબર, 1993ના રોજ 'માનવ અધિકાર સુરક્ષા અધિનિયમ, 1993'ની જોગવાઈઓ હેઠળ કરવામાં આવી હતી. માનવ અધિકાર આયોગનું મુખ્ય મથક દિલ્હીમાં આવેલું છે. તે બંધારણ દ્વારા આપવામાં આવેલા અધિકારો જેમ કે જીવનનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર અને સમાનતાનો અધિકાર વગેરેનું રક્ષણ કરે છે અને તેના નિરીક્ષક તરીકે કાર્ય કરે છે. આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સમિતિની ભલામણને આધારે કરવામાં આવે છે.

### ➤ SCR પર લાંબા અંતરની માલગાડીઓ 'ત્રિશુલ' અને 'ગરૂડ' રજૂ કરવામાં આવી

રેલવેએ દક્ષિણ–મધ્ય રેલવે (SCR)માં પ્રથમ વખત 'ત્રિશુલ' અને 'ગરૂડ' નામની બે લાંબા અંતરની આ ટ્રેનો માલગાડીઓનું સફળતાપૂર્વક સંચાલન કર્યુ છે. આ ટ્રેનો માલગાડી ટ્રેનોના સામાન્ય માળખા કરતા ઘણી લાંબી છે. 'ત્રિશુલ' દક્ષિણ મધ્ય રેલવેની પ્રથમ લાંબા અંતરની ટ્રેન છે જેમાં ત્રણ માલગાડીઓ એટલે કે 177 વગેનનો સમાવેશ થાય છે. આ ટ્રેનને 'વિજયવાડા' વિભાગના કોંડાપલ્લી સ્ટેશન'થી 'ખુરદા ડિવિઝન ઈસ્ટ કોસ્ટ રેલવે' માટે ફ્લેગ ઓફ કરવામાં આવી હતી. જ્યારે ગરૂડ ટ્રેન ગુંતકલ વિભાગના રાયચુરથી સિંકદરાબાદ વિભાગના મનુગુરૂ સુધી શરૂ કરવામાં આવી હતી. બંને ટ્રેનોમાં મુખ્યત્વે થર્મલ પાવર સ્ટેશન માટે કોલસો લોડ કરવા માટે ખાલી ખુલ્લી વેગન હોય છે. SCRએ પાંચ મુખ્ય નૂર વહન કરતી રેલવેમાંથી એક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ સ્માર્ટફોન આધારિત ઇ-વોટિંગ સિસ્ટમ

તાજેતરમાં તેલંગાણા સરકારે ભારતની પ્રથમ 'સ્માર્ટફોન આધારિત ઈ–વોટિંગ સિસ્ટમ' વિકસાવી છે, જેનું તેલંગાણાના 'ખમ્મમ' જિલ્લામાં ટૂંક સમયમાં પરીક્ષણ કરવામાં આવશે. આ દેશની પ્રથમ 'સ્માર્ટફોન આધારિત ઈ–વોટિંગ સિસ્ટમ' હશે. આ સંદર્ભમાં તેલંગાણા ચૂંટણીપંચ દ્વારા 'TSEC e-Vote'નામની એન્ડ્રોઈડ એપનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ મોબાઈલ એપ્લિકેશન દ્વારા મતદારનું 'ડિવાઈસ ID' અને 'ફોન નંબર'ને એક વિશિષ્ટ નાગરિક નોંધણી પ્રક્રિયા સાથે એકીકૃત કરવામાં આવશે, જેથી મતદાન કરવા માટે માત્ર એક જ ડિવાઈસનો ઉપયોગ કરી શકાય. જેનાથી સુરક્ષામાં પણ વધારો થશે. આ સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ 'એડમિનિસ્ટ્રેટર' અથવા 'એડમિન' દ્વારા વેબ પોર્ટલના માધ્યમથી કરવામાં આવશે. આ ખ્યાલ વરિષ્ઠ નાગરિકો, વિકલાંગો અને બિમાર લોકો માટે છે. આવશ્યક સેવાઓમાં કાર્યરત વ્યક્તિઓનું 'ઈ–વોટિંગ' સક્ષમ કરશે. રાજ્યની ચૂંટણી પંચ દ્વારા રાજ્યના 'આઈટી વિભાગ'ની 'ઈમિર્જિંગ ટેક્નોલોજી વિંગ' તેમજ 'સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કોમ્પ્યુટિંગ'ના સહયોગથી આ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બ્લોકચેન જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

➤ **ભારત કિર્ગીસ્તાનને ટેકો આપવા માટે 200 મિલિયન ડોલર LOC માટે સંમત થયું.**

ભારતના વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરના જણાવ્યા અનુસાર ભારત કિર્ગિસ્તાનમાં વિકાસ પ્રોજેક્ટ માટે 200 મિલિયન ડોલરની Line of Credit (LOC)માટે સંમત થયા છે. બિશ્કેકમાં વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર અને કિર્ગિસ્તાનના વિદેશમંત્રી શ્રી રૂસ્લાન કઝાકબાયેવ વચ્ચેની બેઠક બાદ LOC પર સંહમત થયા હતા. આ બેઠક દરમિયાન શ્રી એસ. જયશંકરે ભારતીય વિદ્યાર્થીઓની વહેલી મુસાફરીની જરૂરિયાત અને બે દેશો વચ્ચે ઉદાર વિઝા શાસન અંગે પણ ચર્ચા કરી હતી.

➤ **નાગરિક ઉડ્ડયન મંત્રીએ 'અકાસા એર' (Akasa Air)ને ભારતમાં સંચાલન કરવાની મંજૂરી આપી**

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ભારતમાં તેની કામગીરી માટે 'અકાસા એર' નામની નવી એરલાઈનને NoC (નો એબ્જેક્શન સર્ટિફિકેટ) આપ્યું છે. આ નવી એરલાઈન 2022ના મધ્ય સુધીમાં કામગીરી શરૂ કરવાનું લક્ષ્ય ધરાવે છે. આ એરલાઈન આગામી ચાર વર્ષમાં 70 વિમાનોનું સંચાલન કરવાની યોજના ધરાવે છે. અકાસા એરલાઈન રાકેશ ઝુનઝુનવાલા દ્વારા શરૂ કરવામાં આવી રહેલી અલ્ટ્રા–લો–કોસ્ટ કેરિયર (ULCC) છે. તેઓ કંપનીમાં 40% હિસ્સો ધરાવે છે. તેમા જેટ એરવેઝના ભૂતપૂર્વ સીઈઓ અને ઈન્ડિગોના ભૂતપૂર્વ ચેરમેન આદિત્ય ઘોષ જેવા ઉડ્ડયન ઉદ્યોગોના દિગ્ગજો પણ સામેલ કર્યા છે. શ્રી વિનય દુબે અકાસા કંપનીના સીઈઓ છે જ્યારે આદિત્ય ઘોષ ઝુનઝુનવાલાના નોમિની તરીકે સેવા આપે તેવી અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સૈનિક સ્કૂલ સોસાયટી સાથે 100 શાળાઓના જોડાણને કેબિનેટે મંજૂરી આપી.**

કેન્દ્રીય કેબિનેટે સૈનિક સ્કૂલ સોસાયટી સાથે 100 સરકારી ક્ષેત્ર તેમજ ખાનગી ક્ષેત્રની શાળાઓના જોડાણ માટે મંજૂરી આપી દીધી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે 12 ઓક્ટોબર, 2021ના રોજ આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ મંજૂરી મુજબ સંરક્ષણ મંત્રાલયની સૈનિક શાળાઓ સોસાયટી હેઠળ સંલગ્ન સૈનિક શાળાઓ શરૂ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં સરકારે પ્રસ્તાવ મુક્યો છે કે રાજ્યો, એનજીઓ અને ખાનગી ભાગીદારોમાંથી 100 સંલગ્ન ભાગીદારો બનાવવામાં આવશે. આ શાળાઓ શિક્ષણની રાષ્ટ્રીય નીતિ અનુસાર જોડાયેલી હતી. સરકારે મૂલ્ય આધારિત શિક્ષણ પર વધુ ધ્યાન આપવાનું પણ નક્કી કર્યુ છે. જે બાળકોને ભારતની સમૃધ્ધ સંસ્કૃતિ અને વારસામાં ગૌરવ વિકસાવવામાં મદદ કરશે. તે તેમની વચ્ચે શિસ્ત, ચારિત્ર્ય, રાષ્ટ્રીય ફરજની ભાવના અને દેશભક્તિ સાથે અસરકારક નેતૃત્વ પણ વિકસાવશે. શૈક્ષણિક વર્ષ 2022-2023 થી શરૂ કરીને આવી 100 સંલગ્ન શાળાઓમાં આશરે 5000 વિદ્યાર્થીઓ વર્ગ 6માં પ્રવેશ મેળવશે. હાલની 33 શાળાઓમાં વર્ગ 6માં લગભગ ત્રણ હજાર વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા છે.

➤ **સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ**

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)માં બહુમતી સાથે 14 ઓક્ટોબર, 2021ના રોજ ભારતને 2022-24ના સમયગાળા માટે 'સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ'માં ફરીથી ચૂંટવામાં આવ્યું છે. નોંધનીય છે કે ભારતની સાથે અમેરિકા સહિત 18 દેશોની પંસદગી કરવામાં આવી છે. આ નિર્ણય સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76મા સત્રમાં લેવામાં આવ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના આ 18 નવા સભ્યો 2022 થી ત્રણ વર્ષના સમયગાળા માટે સેવા આપશે.

## વિશ્વ

➤ **ઈટાલીના અધ્યક્ષ સ્થાને G-20 દેશોની ખાસ બેઠક બોલાવવામાં આવી**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 ઓક્ટોબર, 2021ના રોજ G-20ના નેતાઓની સમિટમાં હાજરી આપી હતી. અફઘાનિસ્તાનની સ્થિતિ પર ચર્ચા કરવા માટે G-20ના અસાધારણ નેતાઓનું સમિટ યોજાયું હતું. આ બેઠક ઈટાલીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠક દરમિયાન વિશ્વના ટોચના નેતાઓએ માનવતાવાદી જરૂરિયાતોના પ્રતિભાવ તેમજ અફઘાનિસ્તાનમાં મૂળભૂત સેવાઓ અને આજીવિકાની પહોંચ અંગે ચર્ચા કરી હતી. આ દરમિયાન નેતાઓએ આતંકવાદ વિરોધી, સુરક્ષા અને માનવાધિકારના મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અફઘાનિસ્તાન પર 'SCO- CSTO' આઉટરીચ સમિટમાં પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે તેમણે પ્રદેશમાં શાંતિ અને સુરક્ષાને લગતા પડકારો પર પ્રકાશ પાડ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **દરિયાઈ કવાયત 'મલાબાર'નો બીજો તબક્કો શરૂ થયો**

રોયલ ઓસ્ટ્રેલિયન નેવી (RAN), જાપાન મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સ (JMSDF) અને યુનાઈટેડ સ્ટેટ્સ નેવી (USN) સાથે ભારતીય નૌકાદળ 'મલાબાર અભ્યાસ' નામની બહુપક્ષીય દરિયાઈ કવાયતના બીજા તબક્કામાં ભાગ લઈ રહી છે. 12 ઓક્ટોબરથી 15 ઓક્ટોબર, 2021 સુધી બંગાળની ખાડીમાં માલાબાર કવાયત હાથ ધરવામાં આવી છે. આ માલાબાર અભ્યાસનો બીજો તબક્કો છે. આ સહભાગી દેશો વચ્ચે સુમેળ સંકલન ઉભું કરશે અને આંતર–કાર્યક્ષમતા પણ વધારશે. આ અભ્યાસનો પ્રથમ તબક્કો ફિલિપાઈન્સ સમુદ્રમાં 26 થી 29 ઓગસ્ટ, 2021 દરમિયાન હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં INS રણવિજય, INS સાતપુરાની સાથે સાથે ભારતીય નૌસેનાના P8I લોન્ગ રેન્જ મેરિટાઈમ પેટ્રોલ વિમાને ભાગ લીધો હતો.

➤ **Renewalble Energy (RE) Country Attraction Indexમાં ભારત ત્રીજા ક્રમે**

અર્ન્સ્ટ એન્ડ યંગ (EY) રિન્યુએબલ એનર્જી કન્ટ્રી આકર્ષણ ઈન્ડેક્સ તાજેતરમાં પ્રકાશિત થયો હતો. જેમાં ભારતને ત્રીજા સ્થાને રાખવામાં આવ્યું છે. 'Renewalble Energy (RE) Country Attraction Index' વિશ્વના ટોચના 40 દેશોને તેમની તૈનાતી તકો અને નવીનીકરણીય ઉર્જાના આકર્ષણના સંબંધમાં સ્થાન આપે છે. આ ઈન્ડેક્સમાં અમેરિકાએ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. ત્યારબાદ ચીન બીજા ક્રમે અને ભારત ત્રીજા ક્રમે છે. આ ઈન્ડેક્સ અનુસાર કોર્પોરેટ પાવર ખરીદી કરારો સ્વચ્છ ઉર્જા વૃદ્ધિના મુખ્ય પરિબળો હતા. કારણ કે પર્યાવરણીય, સામાજિક શાસનના પગલા કંપનીઓ અને રોકાણકારો માટે ટોચનો એજન્ડા બની રહ્યા છે.

➤ **શ્રી અબ્દુલ કાદિરખાન**

તાજેતરમાં પાકિસ્તાનના પ્રખ્યાત વૈજ્ઞાનિક ડોક્ટર અબ્દુલ કાદિરનું નિધન થયું છે. પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમને સફળ બનાવવાનો શ્રેય તેમને જાય છે. તેઓ પાકિસ્તાનમાં 'અણુ બોમ્બ કાર્યક્રમ' અથવા 'પરમાણુ હીરો'ના પિતા તરીકે ઓળખાય છે. વર્ષ 1976માં તેઓ પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમમાં જોડાયા હતા. તેમના યોગદાનને કારણે જ પાકિસ્તાને વર્ષ 1998માં તેનું પ્રથમ પરમાણુ પરીક્ષણ કર્યુ હતું. તેમને પાકિસ્તાન દ્વારા 'નિશાન–એ–ઈમ્તિયાઝ' (ઓર્ડર ઓફ એક્સેલન્સ–પાકિસ્તાનનું સર્વોચ્ચ નાગરિક સન્માન) અને 'મોહસિન–એ–પાકિસ્તાન'ના ખિતાબ થી નવાજવામાં આવ્યા હતા.

## ICE ? Questions

➤ તાજેતરમાં શ્રી મેટ ફ્રેડરિક્સને નવી દિલ્હી ખાતે સ્થિત 'ગરવી ગુજરાતી ભવન'ની મુલાકાત લીધી હતી. તે કયા દેશના વડાપ્રધાન છે ? – ડેનમાર્ક

➤ તાજેતરમાં કયા રાજ્યમાં રાષ્ટ્રવ્યાપી નદી પશુપાલન કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો ? – ઉત્તરપ્રદેશ

➤ તાજેતરમાં કયા દિવસે 'રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ'નો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો ? – 12 ઓક્ટોબર

➤ તાજેતરમાં કઈ રાજ્ય સરકારે ભારતની પ્રથમ 'સ્માર્ટ ફોન આધારિત ઈ–વોટિંગ સિસ્ટમ' વિકસાવી છે ? – તેલંગાણા

➤ ભારત કિર્ગીસ્તાનને ટેકો આપવા માટે કેટલા મિલિયન LoC ડોલર માટે સંમત થયું છે ? – 200

➤ તાજેતરમાં SCR પર લાંબા અંતરની માલગાડીઓ ______ અને ______નું સફળતા પૂર્વક સંચાલન કરવામાં આવ્યું છે. – ત્રીશુલ, ગરૂડ

➤ તાજેતરમાં કયા દેશના અધ્યક્ષ સ્થાને G-20 દેશોની ખાસ બેઠક બોલાવવામાં આવી હતી ? – ઈટાલી

➤ સૈનિક સ્કૂલ સોસાયટી સાથે ________ શાળાઓના જોડાણને કેબિનેટે મંજૂરી આપી છે. – 100

➤ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તાજેતરમાં ___ એરને ભારતમાં સંચાલન કરવાની મંજૂરી આપી છે.– અકાસા એર

➤ તાજેતરમાં શ્રી અમિતભાઈ શાહના હસ્તે કયા રેલવે સ્ટેશને 'ટી સ્ટોલ'નું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું ? – કેપિટલ રેલવે સ્ટેશન– ગાંધીનગર

➤ તાજેતરમાં દરિયાઈ કવાયત 'માલાબાર'નો કેટલામો તબક્કો શરૂ થયો છે. જે ભારત, જાપાન, ઓસ્ટ્રેલિયા અને અમેરિકા વચ્ચે યોજાય છે ? – બીજો

➤ Renewalble Energy (RE) Country Attraction Indexમાં ભારત કેટલામાં ક્રમે છે ? – ત્રીજા

➤ તાજેતરમાં શ્રી અબ્દુલ કાદિરખાનનું નિધન થયું છે. તે કયા દેશના પરમાણુ કાર્યક્રમ સાથે સંકળાયેલા છે ? – પાકિસ્તાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'વિશ્વ ટપાલ દિવસ' (World Post Day) 2021ની થીમ શું છે ? – Innovate to Recover

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ગુરુ ઘાસીદાસ રાષ્ટ્રીય ઉદ્યાન' અને 'પિંગલા વન્યજીવ અભયારણ્ય' કયા રાજ્યમાં સ્થિત છે ? – છત્તીસગઢ

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Deep Space Atomic Clock' કઈ અવકાશ એજન્સી સાથે સંબંધિત છે ? – નાસા

4. તાજેતરમાં ભારતની મુલાકાતે આવેલા શ્રી મેટ ફ્રેડરિક્સેન કયા દેશના વડાપ્રધાન છે ? – ડેનમાર્ક

5. ક્રેડાઈ ગુજરાતના ચેરમેન તરીકે કોની વરણી કરવામાં આવી છે ? – શ્રી અજય પટેલ

(ગુજરાત રાજ્યના 39 સિટી ચેપ્ટર્સના બાંધકામ વ્યવસાયકારોના સંગઠનનું પ્રતિનિધિત્વ કરતી ક્રેડાઈ ગુજરાતની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં ઉદયપુર ખાતે યોજવામાં આવી હતી. સામાન્ય સભામાં 2021-2023ની ટર્મ માટે નવા હોદ્દેદારો ચૂંટવામાં આવ્યા હતા. જેમાં ચેરમેન તરીકે શ્રી અજય પટેલની પંસદગી કરવામાં આવી છે.)

6. તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના કઈ મહિલા ક્રિકેટર ઓસ્ટ્રેલિયા તરફથી સૌથી વધુ મેચ રમનાર ખેલાડી બન્યા છે ? – સુશ્રી એલિસા પેરી

7. તાજેતરમાં સમાચારમાં રહેલ શ્રી પૌલ સ્ટર્લિંગ કયા દેશના ક્રિકેટર છે ? – આયર્લેન્ડ

8. તાજેતરમાં શ્રી અબ્દુલ કાદિર ખાનનું નિધન થયું છે. તે કયા દેશના પરમાણુ કાર્યક્રમ સાથે સંકળાયેલા હતા ? – પાકિસ્તાન

9. તાજેતરમાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ JITOની નવનિયુક્ત સમિતિના શપથગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. JITOનું પૂરું નામ જણાવો ? – જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન

10. કયા રાજ્યમાં યોજનારા રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવમાં અતિથિ પદે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને નિમત્રણ પાઠવવામાં આવ્યું છે ? – છત્તીસગઢ

(મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને છત્તીસગઢ રાજ્યમાં આગામી 28 ઓક્ટોબરથી યોજનારા રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવમાં અતિથિ પદે ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી ભૂપેશ બઘેલે પાઠવ્યું છે.)

11. તાજેતરમાં શોધાયેલ 'હેમિલ્ટન ઓબ્જેક્ટ' (Hamilton Object) કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? – અંતરિક્ષ વિજ્ઞાન

12. તાજેતરમાં સમાચારમાં રહેલ 'જેઝેરો ખાડો' (Jezero Crater) કયા ગ્રહમાં સ્થિત છે ? – મંગળ

(જેઝેરો ક્રેટર મંગળની સપાટી પર સૂકા, પવનથી ખરડાયેલા ખાડા તરીકે ઓળખાય છે. જોકે નાસાના 'Perseverance' રોવર દ્વારા લેવામાં આવેલી તસ્વીરોના પ્રથમ વૈજ્ઞાનિક વિશ્લેષણએ હવે પૃષ્ટિ કરી છે કે જેઝેરો ક્રેટર એક સમયે શાંત તળાવ હતું.)

13. વેસ્ટબરી ગુફા, જ્યા લુપ્ત હિપ્પોપોટેમસ એન્ટીક્યુસનું અશ્મિ શોધી કાઢવામાં આવ્યું છે, તે કયા દેશમાં સ્થિત છે ? – યુ.કે

INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Darwin's Ground Sloth' મૂળ સ્વરૂપે કયા પ્રદેશમાંથી મળી આવી છે ?

– દક્ષિણ અમેરિકા

15. ‘અમોરિયા થોરા’ (Amoria Thorae) જે તાજેતરમાં સમાચારોમાં હતી, તે કોની નવી પ્રજાતિ છે ?

– દરિયાઈ ગોકળગાય

16. શ્રી એલેકઝાન્ડર શેલેનબર્ગ કયા દેશના નવા ચાન્સલેર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા ? – ઓસ્ટ્રિયા

17. તાજેતરમાં ભારતપે (BharatPe)ના અધ્યક્ષ કોણ બન્યું છે ? – શ્રી રજનીશ કુમાર

18. IEAએ ભારતને તેના પૂર્ણ સમયના સભ્ય બનવા માટે આમંત્રણ આપ્યું છે. આ IEA (આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી)ની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ? – 1974

19. કયા ભારતીય રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશે ‘ઓપરેશન વિજિલન્ટ’ નામનું પેટ્રોલિંગ ઓપરેશન શરૂ કર્યું છે ?

– નવી દિલ્હી

20. ‘દેશ કે મેંટર્સ’ (Desh Ke Mentors) કાર્યક્રમ કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ? – દિલ્હી

21. કઈ સંસ્થાએ 'Scintific Advisory Group for the Origins on Novel Pathogens' (SAGO)નું ગઠન કર્યું છે ? – WHO

22. કઈ સંસ્થા 'Fiscal Monitor' રિપોર્ટ બહાર પાડે છે ? – IMF

(ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના ‘ફિસ્કલ મોનિટર’ રિપોર્ટ અનુસાર વૈશ્વિક દેવુ 226 ટ્રિલિયન અમેરિકી ડોલરની નવી ઊંચી સપાટીએ પહોંચી ગયું છે. ઉન્નત અર્થતંત્રો અને ચીનએ વિશ્વભરમાં દેવુ જમા કરવામાં 90% થી વધુ યોગદાન આપ્યું છે. ભારતનું દેવુ વર્ષ 2016માં તેના GDPના 68.9% થી વધીને 2020માં 86.6% થઈ ગયું છે. તે વર્ષ 2021 માં 90% સુધી પહોંચવાનો અંદાજ છે.)

23. CRISP-M ટુલ, જે તાજેતરમાં સમાચારોમાં હતું, તે કઈ યોજનાના અમલીકરણમાં આબોહવા સંબંધિત માહિતીને સમાવે છે ? – મનરેગા

24. 24 ઓક્ટોબર, 2021ના રોજ કયા દેશમાં યુનાઈટેડ નેશન્સ બાયોડાયવર્સિટી સમિટની શરૂઆત થઈ છે ? – ચીન

25. તાજેતરમાં કયા બે દેશો 'Joint Sea 2021 naval Exercise'નામના દરિયાઈ કવાયતનું આયોજન કરી રહ્યા છે ?

– ચીન અને રશિયા

26. તાજેતરમાં કોણે 'Healthy Smile'નામની મોબાઈલ એપ લોન્ચ કરી છે ? – AIIMS

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP

joinicerajkot.com

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT